અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૧૨ | અંક : ૨૫૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# દેશમાં પ્રથમ તબક્કામાં કુલ ૬૦ ટકા જેટલું મતદાન થયું

## પ્રથમ તબક્કામાં શુક્રવારે ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન પૂર્ણ થયું : પહેલા તબક્કામાં ૧૬૦૦થી વધુ ઉમેદવાર મેદાનમાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કામાં શુક્રવારે ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન પૂર્ણ થયું હતું. સાંજે ૫ વાગ્યા સુધી ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર દેશમાં લગભગ ૬૦ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. દેશના કોઈપણ ભાગમાંથી કોઈ મોટી અનિચ્છનીય ઘટનાઓ નોંધાઈ નથી. જોકે, બંગાળના કેટલાક ભાગોમાં કેટલાક રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે ઘર્ષણના અહેવાલો છે. સવારે સાત વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલ્યું હતું. ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું કે સાંજે ૫ વાગ્યા સુધી પશ્ચિમ બંગાળમાં ૭૭.૫૭ ટકા મતદાન થયું હતું અને મેઘાલયમાં ૬૯ ટકા મતદાન થયું હતું, જ્યારે પૂર્વ નાગાલેન્ડના છ જિલ્લાઓમાં સન્નાટો જોવા મળ્યો હતો જ્યાં આદિવાસી સંગઠનોના એક સંઘ દ્વારા અનિશ્ચિત બંધ પાળવામાં આવ્યો હતો અને લોકો તેમના ઘરોમાં જ રહ્યા હતા.




સાંજે ૫ વાગ્યા સુધીના મતદાનના ડેટાના આધારે પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ મતદારોએ મતદાન કર્યું છે. આ મામલે બિહાર તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોથી પાછળ રહી ગયું છે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ ૭૭.૫૭ ટકા મતદારોએ સાંજે ૫ વાગ્યા સુધી મતદાન કર્યું હતું. જ્યારે બિહારમાં સાંજે ૫ વાગ્યા સુધી માત્ર ૪૬.૩૨ ટકા મતદારોએ મતદાન કર્યું છે. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ શુક્રવારે સાંજે તમિલનાડુની તમામ ૩૯ બેઠકો માટે મતદાન પૂર્ણ થયું હતું. વૈકલ્પિક ડેટા અનુસાર આ સમયગાળા દરમિયાન ૬૩.૨૦ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સાંજે ૫ વાગ્યા સુધી મળેલા ડેટાના આધારે ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું કે ધર્મપુરી લોકસભા સીટ પર સૌથી વધુ ૬૭.૫૨ ટકા મતદાન થયું હતું જ્યારે દક્ષિણ ચેન્નાઈ સીટ પર સૌથી ઓછું ૫૭.૦૪ ટકા મતદાન થયું હતું. પહેલા તબક્કામાં ૧૬૦૦થી વધુ ઉમેદવાર મેદાને છે. આ તબક્કામાં ૯ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રી અને એક પૂર્વ રાજ્યપાલનું ભાગ્ય ઈફસ્માં કેદ થયું છે. મતદાન સવારે ૭ વાગ્યાથી શરૂ થયું હતું અને સાંજે ૬ વાગ્યે પૂર્ણ થયું છે. પશ્ચિમ બંગાળમાં સાંજે ૫ વાગ્યા સુધી ૭૭.૫૭% મતદાન નોંધાયું છે. જે આજે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં થયેલા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી વધુ મતદાન છે. આસામમાં પાંચ લોકસભા બેઠકો પર ઈવીએમમાં ખામીના કારણે ૧૫૦ જેટલાં ઈવીએમના સંપૂર્ણ સેટ બદલવાની ફરજ પડી હતી. અલગ અલગ ઈવીએમની વીવીપેટ તથા બેલેટ એકમો સહિત ૪૦૦થી વધુ ઉપકરણોને પણ ખામીને લીધે બદલવામાં આવ્યા હતા. ચૂંટણી વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે મોટાભાગની ખામીઓ મોક પોલિંગ દરમિયાન જોવા મળી હતી. જે વાસ્તવિક મતદાનથી ૯૦ મિનિટ પહેલા શરૂ કરાયું હતું.



### ઝહીર ખાને ઈમ્પેક્ટ પ્લેયર નિયમ પર ઉઠાવ્યા સવાલ

। નવી દિલ્હી, તા.૧૯ ।

આઈપીએલની ગત સિઝનમાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમ લાગુ કરવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ ટીમો મેચ દરમિયાન પોતાના એક ખેલાડીને બદલી શકે છે. વાસ્તવમાં આ નિયમ પર સતત સવાલો ઉઠી રહ્યા છે. ક્રિકેટ નિષ્ણાતો માને છે કે 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ ઓલરાઉન્ડરની ભૂમિકાને ઘટાડે છે. ઉદાહરણ તરીકે, ચેન્નાઈ સુપર કિંગ્સે શિવમ દુબેનો ઉપયોગ માત્ર પાવર હિટર તરીકે કર્યો છે, જ્યારે આ ખેલાડી સારી બોલિંગ કરી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ભારતે ફિલિપાઇન્સને સોંપી બ્રહ્મોસ મિસાઇલ



। નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતે શુક્રવારે (૧૯ એપ્રિલ) ફિલિપાઈન્સને શક્તિશાળી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની પ્રથમ બેચ ડિલીવર કરી દીધી છે. દેશની સંરક્ષણ નિકાસમાં આને એક મોટી સફળતા તરીકે જોવામાં આવી રહી છે. એરફોર્સે ફિલિપાઈન્સને ખાસ એરક્રાફ્ટ દ્વારા મિસાઈલો પહોંચાડી છે. આ દરમિયાન ભારત અને ફિલિપાઈન્સના અધિકારીઓએ એકબીજાને મીઠાઈ ખવડાવી હતી. ફિલિપાઈન્સને ભારત પાસેથી એવા સમયે ક્રૂઝ મિસાઈલ મળી છે જ્યારે તેનો ચીન સાથે વિવાદ ચાલી રહ્યો છે. દક્ષિણ ચીન સાગરમાં ફિલિપાઈન્સ અને ચીનની નૌકાદળ દરરોજ સામસામે આવી રહી છે. એવું માનવામાં આવે છે કે ફિલિપાઈન્સ આ મિસાઈલોને ચીન તરફ તૈનાત કરી શકે છે, જેથી તે ચીનની સેનાથી પોતાને બચાવી શકે. બે વર્ષ પહેલા ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે ક્રુઝ મિસાઈલ માટેનો સોદો થયો હતો. આ ડીલ ૩૭૫ મિલિયન ડોલર (લગભગ ૩૦૦૦ કરોડ રૂપિયા)ની હતી. ભારતીય વાયુસેનાનું C-17 ગ્લોબમાસ્ટર કાર્ગો એરક્રાફ્ટ શુક્રવારે બ્રહ્મોસ મિસાઈલના પ્રથમ કન્સાઈનમેન્ટ સાથે ફિલિપાઈન્સ પહોંચ્યું હતું.



નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના અમરોહામાં જાહેરસભા સંબોધી

# મોદીના અખિલેશ-તેજસ્વી પર પ્રહાર, તમે ભગવાન કૃષ્ણ અને દ્વારકાનું અપમાન કેવી રીતે કરી શકો છો

। (એજન્સી) અમરોહા, તા.૧૯ ।

લોકસભા ચૂંટણીને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના અમરોહામાં જાહેરસભા સંબોધી હતી. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ અને યુપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે, આ બંનેએ ભગવાન કૃષ્ણનું અપમાન કરનારાઓ સાથે સમજૂતી કરી છે. ઉત્તર પ્રદેશના અમરોહામાં PM મોદીએ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને તેજસ્વી યાદવનું નામ લીધા વિના કહ્યું, હું બિહાર અને ઉત્તર પ્રદેશમાં પોતાને યદુવંશી કહેનારા નેતાઓને પૂછવા માંગુ છું કે, તમે ભગવાન કૃષ્ણ અને દ્વારકાનું અપમાન કેવી રીતે કરી શકો છો. જેઓ કરે છે તેમની સાથે તમે સમાધાન કરો છો? આ દરમિયાન PM મોદીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું, INDIA ગઠબંધનના લોકો સનાતનને નફરત કરે છે. તાજેતરમાં જ હું દ્વારકા ગયો હતો અને સમુદ્રમાં ઉતરીને ભગવાન કૃષ્ણની પૂજા કરી હતી, પરંતુ કોંગ્રેસના રાજકુમારો કહે છે કે, દરિયાની નીચે પૂજા કરવા જેવું કંઈ નથી. અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીનું નામ લીધા વિના PM મોદીએ અમરોહામાં કહ્યું કે, ફરી એકવાર યુપીમાં બે રાજકુમારોને ચમકાવતી ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે જેને લોકો પહેલાથી જ નકારી ચૂક્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, જ્યારે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થયું ત્યારે સપા અને કોંગ્રેસ બંને પક્ષોએ અભિષેક માટેના આમંત્રણને નકારી કાઢ્યું હતું.



### શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ સરકારે તેમને અર્જુન એવોર્ડથી સન્માનિત કર્યા છે : મોદી

**આ લોકો દરરોજ રામ મંદિર અને સનાતન આસ્થાનો દુરુપયોગ કરી રહ્યા છે. યોગી આદિત્યનાથનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સીએમ યોગી આદિત્યનાથ શેરડીના ખેડૂતોની ચિંતા કરતા હતા. અમરોહાના શેરડીના ખેડૂતો ક્યારેય ભૂલી શકતા નથી કે અગાઉ ચૂકવણી માટે તેમને કેટલી હેરાનગતિ કરવામાં આવી હતી. આજે શેરડીની વિક્રમી ખરીદીની સાથે સાથે રાજ્યમાં વિક્રમી ચુકવણી કરવામાં આવી રહી છે. આ દરમિયાન પીએમ મોદીએ ક્રિકેટર મોહમમ્મદ શમીના નામનો ઉલ્લેખ કરી લોકો સાથે જોડાવવાનો પ્રયાસ કર્યો હતો. વાત જાણે એમ છે કે, અમરોહામાં એક જાહેર સભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, મોહમ્મદ શમીએ ક્રિકેટ વર્લ્ડ કપમાં જે અદભૂત પરાક્રમ બતાવ્યું તે આખી દુનિયાએ જોયું છે. રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ કેન્દ્ર સરકારે તેમને અર્જુન એવોર્ડથી સન્માનિત કર્યા છે. વડાપ્રધાન મોદીએ ઉત્તરપ્રદેશના અમરોહામાં કહ્યુ કે, મોહમ્મદ શમીએ ક્રિકેટ વર્લ્ડ કપમાં જે અદભૂત પરાક્રમ બતાવ્યું તે આખી દુનિયાએ જોયું છે.**

### વડાપ્રધાન મોદીએ પાકિસ્તાન પર કર્યો પ્રહાર

# આતંકને જન્મ આપનાર આજે લોટ માટે તડપી રહ્યો છે : મોદી

। (એજન્સી) ભોપાલ, તા.૧૯ ।

મધ્યપ્રદેશના દમોહમાં એક ચૂંટણીસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ, પાડોશી દેશ પાકિસ્તાન પર જોરદાર પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, જે દેશ આતંકવાદનો સપ્લાયર છે તે આજે લોટ મેળવવા માટે તડપી રહ્યું છે. તેમણે કહ્યું કે હાલમાં વિશ્વમાં યુદ્ધનું વાતાવરણ સર્જાયું છે. વિશ્વમાં યુદ્ધના વાદળો છવાયા છે. સર્વત્ર અશાંતિ છે. આવી સ્થિતિમાં આપણું ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ કરી રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે, જ્યારે વિશ્વમાં યુદ્ધનું વાતાવરણ છે ત્યારે દેશમાં મજબૂત સરકાર હોવી જરૂરી છે. આ ચૂંટણી ભારતને મહાસત્તા બનાવવા માટેની ચૂંટણી છે. આ ચૂંટણી ભારતના ભવિષ્યને ઉજ્જવળ કરવા માટેની ચૂંટણી છે. આવનારી પેઢીના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે આ ચૂંટણી છે. આજે વિશ્વમાં ચારેતરફ ભારતની પ્રશંસા થઈ રહી છે. આજે દેશમાં ભાજપની સરકાર છે, જે ન તો કોઈના તાબે છે અને ન તો કોઈની સામે નમે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમારો સિદ્ધાંત પહેલા દેશને કાજે છે. ભારતને સસ્તું ઈંધણ મળવું જોઈએ, તેથી અમે રાષ્ટ્રીય હિતમાં નિર્ણય લીધો. ભારતીય ખેડૂતોને પર્યાપ્ત માત્રામાં સસ્તુ ખાતર મળી રહે તે માટે અમે રાષ્ટ્રીય હિતમાં નિર્ણય લીધો છે. અમે કરોડો પરિવારોને વિનામૂલ્યે અનાજની સુવિધા આપી છે. નિઃશુલ્ક કોરોના રસી આપ વામાં આવે છે. આજે એક એવી સરકાર છે જે ના તો કોઈની સામે નમે છે અને ના તો કોઈથી ડરે છે. તેમણે કહ્યું કે આપણા માટે રાષ્ટ્ર પ્રથમ આવે છે પછી બીજુ બધુ. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે હું આ દેશને ઈન્ડિયા ગઠબંધનનું સત્ય જણાવવા માંગુ છું. તેણે દેશના સંરક્ષણને પાછળ રાખ્યું. વાયુસેના નબળી રહે તે સુનિશ્ચિત કરવા કોંગ્રેસે તેની તમામ તાકાતનો ઉપયોગ કર્યો. રાફેલ દેશમાં ઘૂસી ન જાય તે માટે તેણે પોતાની તમામ તાકાત લગાવી દીધી. અહીં શસ્ત્રો ના બનાવવા જોઈએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ વખતે દેશમાંથી ૨૧ હજાર કરોડ રૂપિયાની નિકાસ થઈ છે. હવે અમે બ્રહ્મોસ મિસાઈલ પણ આપી રહ્યા છીએ. પીએમ મોદીએ કહ્યું કે મોદીની ગેરંટી પરિવાર લક્ષી અને ભ્રષ્ટ નેતાઓને અશાંત બનાવી રહી છે. તેઓ કહે છે કે ત્રીજી વખત ભાજપની સરકાર બનશે તો આગ લાગશે. ઈન્ડિયા ગઠબંધનના લોકો દરરોજ મોદીને ધમકીઓ આપી રહ્યા છે.

### કેજરીવાલની હેલ્થને લઇ LG ચિંતામાં

# LG એ માંગ્યો તિહાડ જેલના DG પાસેથી ૨૪ કલાકમાં રિપોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।


દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાં છે. આ દરમિયાન આમ આદમી પાર્ટી (AAP)ના નેતા આતિશીએ મોટો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તિહાર જેલ અરવિંદ કેજરીવાલને ઈન્સ્યુલિન આપી રહી નથી. જેલમાં તેનો જીવ લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ આરોપ બાદ દિલ્હીના એલજીએ આ મામલે કાર્યવાહી કરી અને ડીજી જેલ પાસેથી ૨૪ કલાકમાં વિગતવાર રિપોર્ટ માંગ્યો. તેમણે આ નિવેદનો પર આધારિત અહેવાલો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. માહિતી અનુસાર, દિલ્હીના એલજી વિનય કુમાર સક્સેનાએ જેલમાં સીએમ અરવિંદ કેજરીવાલને ઈન્સ્યુલિન ન આપવાના આરોપ પર ડીજી જેલ પાસેથી ૨૪ કલાકની અંદર વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. રાજ નિવાસના જણાવ્યા અનુસાર, એલજીએ AAP નેતાઓ દ્વારા કરવામાં આવેલા આરોપો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કે જેલમાં બંધ સીએમ કેજરીવાલને ઈન્સ્યુલિન લેવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. જોકે જેલનો વિષય સંપૂર્ણપણે આમ આદમી પાર્ટીની સરકાર હેઠળ આવે છે, એલજીએ ખાતરી આપી છે કે મુખ્યમંત્રીના સ્વાસ્થ્યને લઈને કોઈપણ પ્રકારની ઢીલ સહન કરવામાં આવશે નહીં. કોર્ટના આદેશ અનુસાર, અરવિંદ કેજરીવાલને ત્રણ વખતનો આહાર જે ઘરેથી આવે છે અને દવાઓ આપવામાં આવી રહી છે.

### આત્મઘાતી હુમલામાં બે આતંકીઓના મોત

# કરાચીમાં જાપાની નાગરિકોના વાહન પર આત્મઘાતી હુમલો

। (એજન્સી) કરાચી, તા.૧૯ ।

પાકિસ્તાનના કરાચી શહેરમાં શુક્રવારે આતંકવાદીઓએ જાપાની નાગરિકોના વાહન પર આત્મઘાતી હુમલો કર્યો હતો. પોલીસે કહ્યુ હતુ કે, કરાચીના લાંધી વિસ્તારમાં એક આત્મઘાતી હુમલાખોરે જે વાહનને નિશાન બનાવ્યુ હતુ તેમાં પાંચ જાપાની નાગરિકો સવાર હતા.તેઓ સુરક્ષિત છે.આ હુમલામાં બે આતંકવાદીઓના મોત થયા છે.જ્યારે વાહનના ચાલકને ઈજાઓ પહોંચી છે. પોલીસે પ્રાથમિક તપાસનો હવાલો આપીને કહ્યુ હતુ કે, હુમલાખોરો પગપાળા આવ્યા હતા.પોલીસને ઘટના સ્થળ પાસેથી ૬ હેન્ડ ગ્રેનેડ, એક મશિનગન તેમજ ત્રણ મેગઝીન મળી આવ્યા છે.હુમલાખોરોની બેગમાં પેટ્રોલની બે બોટલો પણ હતી. સુરક્ષા



દળોના જવાનોએ વળતુ ફાયરિંગ કર્યુ હતુ અને તેમાં એક આતંકવાદીનુ મોત થયુ હતુ.જ્યારે એક આતંકવાદી જાપાની નાગરિકો બેઠા હતા તે વાહન પાસે ગયો હતો.તેણે શરીર પર વિસ્ફોટકો ભરેલુ જેકેટ પહેર્યુ હતુ અને એક ગ્રેનેડ પણ બાંધ્યો હતો.તેણે પોતાને ઉડાવી દીધો હતો. આ ઘટનાને નજરે જોનારા એક વ્યક્તિએ જાણકારી આપી હતી કે,'જાપાની નાગરિકોના કાફલામાં ત્રણ વાહનો હતા.તેમની સુરક્ષા માટેનુ એક વાહન આગળ ચાલી રહ્યુ હતુ અને તેની પાછળના બે વાહનોમાં જાપાની નાગરિકો સવાર હતા.આ નાગરિકો જેમાં બેઠા હતા તે વાન આતંકીઓના નિશાના પર હતી. આતંકીઓએ પહેલા ફાયરિંગ કર્યુ હતુ અને આગળના વાહનમાં બેઠેલા સુરક્ષાકર્મીઓએ તેનો વળતો જવાબ આપ્યો હતો.ગોળીબારના અવાજો વચ્ચે એક જોરદાર વિસ્ફોટ પહોંચ્યો હતો. એ પછી પોલીસ પણ તરત સ્થળ પર આવી પહોંચી હતી. આતંકીઓ સાથેની અથડામણમાં એક આતંકી પોલીસના હાથે માર્યો ગયો હતો.' દરમિયાન સિંધની સરકારે પોલીસને આ હુમલાના માસ્ટર માઈન્ડની તપાસ કરવા માટે આદેશ આપીને કહ્યુ છે કે, 'આતંકવાદને કોઈ પણ સંજોગોમાં સાંખી લેવામાં નહીં આવે.'

### સ્કીમમાં રોકાણ કરનારા બ્રોકરે પૈસાની ઉઘરાણી કરતા વાત વણસી

# રૂપિયાની લેતી-દેતી બાબતે મણિનગરના બિલ્ડરે બ્રોકર ઉપર ફાયરિંગ કર્યુ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

સેટેલાઈટમાં રહેતા હરદત્તસિંહ જાદવ જમીન દલાલી અને મકાન લે-વેચનો ધંધો કરે છે. દસ વર્ષ પહેલા ૨૦૧૪માં હરદત્તસિંહ જાદવને પોતાના મિત્ર ઉપેન્દ્રસિંહ ચાવડા મારફત મણિનગરના બિલ્ડિંગ કનસ્ટ્રક્શનનું કામ કરતા નિલેશ ખંભાયતા સાથે મુલાકાત થઇ હતી.

નિલેશની બાપુનગર ચાલતી સ્કીમમાં હરદત્તસિંહે વર્ષ ૨૦૨૧માં બે ફ્લેટો બુક કરાવ્યા હતા. બુકિંગના ૩૦ લાખ નિલેશને આપ્યા હતા. જે બાદ સ્કીમ બંધ રહેતા નિલેશે ૧૭ લાખ પરત આપ્યા હતા અને બાકીના ૧૩ લાખ પછી આપશે તેમ જણાવ્યું હતું. લાંબા સમય બાદ બાકી નીકળતા રૂપિયા લેવા અંગે હરદત્તસિંહે ઉઘરાણી કરી પરંતુ નિલેશ બહાના બતાવતો હતો. ત્યારે ૧૮ એપ્રિલે સવારે રૂપિયા અંગે ફોન કરતા નિલેશે હરદત્તસિંહને મુમતપુરા રોડ પર આવેલ સેવન ૧૧ સ્પોર્ટસ એન્ડ કાફે ખાતે મળવા બોલાવ્યો હતો. જ્યાં પહોંચ્યા બાદ બન્ને વચ્ચે થોડી રકઝક થઇ હતી. જેને પગલે હરદત્તસિંહે નિલેશને આપણે ઈસ્કોન ગાંઠિયા ખાતે મળીને વધુ વાત કરીએ કહીને તે ક્રેટા કારમાં બેસીને ચાલુ કરવા જતો હતો ત્યારે



જ નિલેશે હરદત્તસિંહને ઊભો રહેવાનો ઈશારો કર્યો હતો. જેથી હરદત્તસિંહે ડ્રાઈવર સાઈડનો કાચ ખોલતા નિલેશ પોતાના ટુ-વ્હીકલની ડેકીમાંથી રિવોલ્વર કાઢીને હરદત્તસિંહ પર એક રાઉન્ડ ફાયરિંગ કરીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. જેમાં હરદત્તસિંહ ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તેમણે બચવા માટે કાર ચાલુ કરીને હંકારી દીધી હતી. જે બાદ પિતરાઈને ભાઈને ફોન કરીને બોલાવતા હરદત્તસિંહને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ અંગે હરદત્તસિંહે નિલેશ સામે સરખેજ પોલીસ સ્ટેશનમાં હત્યાનો પ્રયાસનો ગુનો નોંધાવતા પોલીસે આરોપીની અટકાયત કરીને વધુ તપાસ શરૂ કરી છે.

### સુરતમાં બનાવટખોરીની ચરમસીમા

# ડુપ્લીકેટ તેલ બનાવતા સુરતના લિંબાયત વિસ્તારના આઠ વેપારીઓ પકડાયા

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરત શહેરમાં ડુપ્લીકેટ પનીર, ઘી અને તેલનું વેચાણ થઈ રહ્યું હોવાની વાત જગજાહેર છે. ભૂતકાળમાં પોલીસે નકલી ઘી-તેલ બનાવવાનું કારખાનું ઝડપી પાડ્યું હતું. ત્યારે ગુરુવારે સુરત શહેર વેપારી મંડળે પોલીસને સાથે રાખી લિંબાયત વિસ્તારમાં આઠ જેટલા વેપારીઓને ત્યાંથી ભેળસેળ યુક્ત તેલ ઝડપી પાડ્યું હતું.

ચેકિંગ દરમિયાન ૬૦ ડબ્બા ડુપ્લીકેટ તેલ તથા અલગ અલગ બ્રાન્ડના લગભગ ૨૫૦ સ્ટીકર અને જે પ્રકારનું તેલ બનાવવું હોય તેની સુગંધ ધરાવતી અઢીસો કેપ્સુલ મળી આવી હતી. આઠ જેટલા વેપારીઓને ત્યાંથી ભેળસેળ યુક્ત તેલ મળી હતું, સુરત શહેર વેપારી એસોસિએશનના પ્રમુખ રૂપેશ વોરાના જણાવ્યા અનુસાર સુરત શહેર વેપારી એસોસિએશન



દ્વારા ઝોન-૨ના ડીસીપી ભગીરથ ગઢવીના સહકારથી લિંબાયતના પીઆઇ પઢેરીયા અને તેના સ્ટાફને સાથે રાખી લિંબાયત વિસ્તારમાં દરોડા પાડ્યા હતાં. લિંબાયતમાં આવેલા વિજય લક્ષ્મી સુપર સ્ટોર સહિત કરિયાણા પ્રોવિઝનના વેપારીઓને મોટાપાયે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન ૬૦ ડબ્બા ડુપ્લીકેટ તેલ તથા અલગ અલગ બ્રાન્ડના લગભગ ૨૫૦ સ્ટીકર તથા અઢીસો જેટલા કેપ્સુલ મળી આવી હતી. આઠ જેટલા વેપારીઓને ત્યાંથી ભેળસેળ યુક્ત તેલ મળી જપ્ત કરવામાં આવ્યું હતું.

## મણિનગર વોર્ડમાં લોકસંપર્ક રાઉન્ડની શરૂઆત...



તસ્વીર : બ્રિજેશ ત્રિવેદી, અમદાવાદ

બ્રાઈટ સ્કૂલ શક્તિ કેન્દ્ર ના બુથ નં..૫/૬ અને રૂબ્સ સ્કૂલ ના બુથ નં..૧ માં ટીમ મણિનગર દ્વારા ઢોલ નગારા સાથે તેમજ રીક્ષા અને મેગાફોન દ્વારા ઘરે ઘરે પત્રિકા વિતરણ, સ્ટીકર લગાવાનો લોકસંપર્ક રાઉન્ડ કરવામાં આવ્યો.

# ઘર બહાર ખાટલામાં સૂતેલા બે ભાઇ પર પડોશીએ કાર ચડાવી દીધી

### આ અકસ્માત અંગે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી કારચાલક પાડોશીની ધરપકડ કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

શહેર નજીક સિંગરવાના ભગવતીનગરમાં શ્રમજીવી પરિવારના બે દીકરા ઘર બહાર ખાટલામાં ઉંઘતા હતા ત્યારે પાડોશી પોતાની કાર બહાર કાઢતાં તેમના પર ચડાવી દીધી હતી. જેમાં મોટાભાઈનું મોત નિપજ્યું હતું. જ્યારે નાનો ભાઈ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

આ અકસ્માત અંગે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી કારચાલક પાડોશીની ધરપકડ કરી છે. સિંગરવા ભગવતીનગરમાં રહેતા સવરનાથ મોહંતો અને તેની પત્ની મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના ત્રણ સંતાનો પણ તેમની સાથે જ રહે છે. ગરમીને કારણે પરિવાર ઘર બહાર ખાટલામાં સૂતો હોય છે. ગુરુવારે વહેલી સવારે પરિવારનો ૧૫ વર્ષીય પુત્ર નિખીલ અને ૪ વર્ષીય રોનક ખાટલામાં સૂતા હતા. તે સમયે પાડોશી મોનુકુમાર તેલી પાર્ક કરેલી કાર હટાવી રહ્યો હતો.

આ દરમિયાન બ્રેકની જગ્યાએ એક્સિલેટર પર પગ મૂકી દેતા કાર ખાટલામાં સૂઈ રહેલા નિખીલ અને રોનકને ટકરાઈ હતી. જેથી હવામાં ફંગોળાઈને જમીને પટકાઈ પડેલા બન્ને ભાઈને ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત બાદ મોનુકુમાર તેની જ કારમાં બન્ને ભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયો હતો. જ્યાં સારવાર દરમિયાન ૧૫ વર્ષીય નિખીલને ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. જ્યારે ૪ વર્ષીય રોનકને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાનું જણાવ્યું હતુ. આ મામલે આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસે મોનુકુમાર સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછ દરમિયાન પોતે રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતો હોવાનું જણાવ્યું હતું. તેના મિત્રના લગ્ન હોવાથી તેની કાર મોનુકુમાર લઈને ઘરે આવ્યો હતો. કાર પાર્ક હતી તેની પાછળ એક ટ્રેક્ટર પાર્ક કરેલું હતું. ટ્રેક્ટર નીકળે તેવી સ્થિતિ ન હોવાથી કાર હટાવવા માટે મોનુને બોલાવ્યો હતો. મોનુએ કાર ચાલુ કરી ત્યારે અચાનક એક્સિલેટર પર પગ મૂકી દીધો અને ખાટલા સાથે ટકરાઈ હતી.

# ભારતીય રેલવે દ્વારા ઉનાળાની ઋતુ ૨૦૨૪માં રેકોર્ડ સંખ્યામાં વધારાની ટ્રેનોનું સંચાલન

### આ ઉનાળાની ઋતુ દરમિયાન, મુસાફરોને સરળ અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે ૯૧૧૧ યાત્રાઓ સંચાલિત કરવામાં આવશે

। અમદાવાદ, તા.૧૯ ।

મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા અને ઉનાળા દરમિયાન મુસાફરીની માંગમાં અપેક્ષિત વધારાનું સંચાલન કરવા માટે, ભારતીય રેલવે ઉનાળાની ઋતુ દરમિયાન રેકોર્ડબ્રેક ૯૧૧૧ ટ્રિપ્સનું સંચાલન કરી રહી છે.

આ ૨૦૨૩ના ઉનાળાની સરખામણીમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે, જ્યાં કુલ ૬૩૬૯ ટ્રિપ્સ ઓફર કરવામાં આવી હતી.ત્યારે આ વખતે ૨૭૪૨ યાત્રાઓની વૃદ્ધિ થઈ છે, જે મુસાફરોની માંગને અસરકારક રીતે પૂરી કરવા માટે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

મુખ્ય રેલવે માર્ગો પર એકીકૃત મુસાફરી સુનિશ્ચિત કરીને, દેશભરના મુખ્ય સ્થળોને જોડવા માટે વધારાની ટ્રેનોનું સાવચેતીપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. ભારતભરમાં ફેલાયેલા તમામ ઝોનલ રેલવે દ્વારા તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઓડિશા, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઝારખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દિલ્હી જેવા રાજ્યોમાંથી ઉનાળામાં મુસાફરીના ધસારાને પહોંચી વળવા માટે રેલવે આ વધારાની ટ્રિપ્સનું સંચાલન કરવા માટે તૈયાર છે.

| રેલવે | ઝોનલ રેલવે દ્વારા સૂચિત યાત્રાઓ |
|---|---|
| મધ્ય રેલવે | ૪૮૮ |
| પૂર્વીય રેલવે | ૨૫૪ |
| પૂર્વ મધ્ય રેલવે | ૧૦૦૩ |
| પૂર્વ કોસ્ટ રેલવે | ૧૦૨ |
| ઉત્તર મધ્ય રેલવે | ૧૪૨ |
| ઉત્તર પૂર્વીય રેલવે | ૨૪૪ |
| ઉત્તરપૂર્વીય ફ્રન્ટિયર રેલવે | ૮૮ |
| ઉત્તર રેલવે | ૭૭૮ |
| ઉત્તર પશ્ચિમ રેલવે | ૧૬૨૩ |
| દક્ષિણ મધ્ય રેલવે | ૧૦૧૨ |
| દક્ષિણ પર્વ રેલવે | ૨૭૬ |
| દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે | ૧૨ |
| દક્ષિણ પશ્ચિમ રેલવે | ૮૧૦ |
| દક્ષિણ રેલવે | ૨૩૯ |
| પશ્ચિમ મધ્ય રેલવે | ૧૬૨ |
| પશ્ચિમ રેલવે | ૧૮૭૮ |
| કુલ | ૯૧૧૧ |

વધારાની ટ્રેનોનું આયોજન અને સંચાલન એ એક સતત પ્રક્રિયા છે જેના માટે PRS સિસ્ટમમાં વેઈટલિસ્ટ પેસેન્જરોની વિગતો સિવાય મીડિયા રિપોર્ટ્સ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, રેલવે ઈન્ટિગ્રેટેડ હેલ્પલાઈન નંબર ૧૩૯ જેવી તમામ કોમ્યુનિકેશન ચેનલો ૨૪૮૭માંથી ઈનપુટ્સ લેવામાં આવે છે. ચોક્કસ રૂટ પર ટ્રેન આ જરૂરિયાતના આધારે, ટ્રેનોની સંખ્યા અને ટ્રિપ્સની સંખ્યા વધારવામાં આવે છે. સમગ્ર સિઝન દરમિયાન ન તો ટ્રેનોની સંખ્યા અને ન તો વધારાની ટ્રેન(ઓ) દ્વારા ચલાવવામાં આવતી યાત્રાઓની સંખ્યા સ્થિર રહે છે.

ઉનાળાની ઋતુ દરમિયાન, ઝોનલ રેલવેને રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. તમામ મોટા અને મહત્વપૂર્ણ રેલવે સ્ટેશનો પર ભીડ નિયંત્રણની વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. વ્યવસ્થિત રીતે ભીડને નિયંત્રિત કરવા માટે તમામ પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા માટે વરિષ્ઠ અધિકારીઓ આ સ્ટેશનો પર કાર્યરત છે.

સામાન્ય વર્ગના કોચમાં પ્રવેશ માટે કતાર વ્યવસ્થા સુનિશ્ચિત કરવા આરપીએફના જવાનોને પ્રારંભિક સ્ટેશનો પર નિયુક્ત કરવામાં આવ્યા છે. ભીડવાળા વિસ્તારો પર નજીકથી નજર રાખવા માટે અને મુસાફરોને વાસ્તવિક સમયની મદદ મળે તે હેતુસર સીસીટીવી કંટ્રોલ રૂમમાં કુશળ RPF સ્ટાફને નિયુક્ત કરવામાં આવ્યા છે.

ભારે ભીડ દરમિયાન નાસભાગ જેવી પરિસ્થિતિને ટાળવા માટે, ભીડને સરળતાથી નિયંત્રિત કરવા માટે ગવર્મેન્ટ રેલવે પોલીસ (GRP) અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ના કર્મચારીઓને ફૂટ-ઓવર બ્રિજ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

ભારતીય રેલવે તમામ મુસાફરોને અનુકૂળ અને આરામદાયક મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. મુસાફરો આ વધારાની ટ્રેનોમાં તેમની ટિકિટ રેલવે ટિકિટ કાઉન્ટર અથવા IRCTC વેબસાઈટ/એપ દ્વારા બુક કરાવી શકે છે.

**પશ્ચિમ રેલવે દ્વારા ચલાવવામાં આવતી સમર સ્પેશિયલ ટ્રેનોનો સંક્ષિપ્ત**

- મુંબઈથી ચાલતી ૧૪ જોડી
- સુરત/ઉધનાથી ચાલતી ૨૨ જોડી
- સુરત/ઉધનાથી પસાર થતી ૨૩ જોડી
- યુપી અને બિહાર રાજ્યોના સગવડ માટે ૪૫ જોડી
- ઉત્તર ભારતના સગવડ માટે ૧૦ જોડી
- ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ઓખા, હાપા, વલસાડ અને રાજકોટથી ચાલતી ૩૮ જોડી
- મધ્યપ્રદેશથી ચાલતી ૦૪ જોડી

કુલ જોડી = ૭૮ (૧૯મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ)

# ઉનાળાના બળબળતા તાપ વચ્ચે હીટવેવથી બચવા બસ આટલું કરો..

### પુષ્કળ પ્રમાણમાં પાણી પીવું અને બપોરે તડકામાં બહાર જવાનું ટાળવું; બાળક, સગર્ભા, વૃદ્ધ તથા બિમાર વ્યક્તિની વિશેષ કાળજી રાખવી શરીરમાં પાણીનું પ્રમાણ ઘટાડતા ચા-કોફી, સોફ્ટ ડ્રિક્સ જેવા પીણા કે ભારે આહાર લેવાનો ટાળો

। ગાંધીનગર/અમદાવાદ ।

રેડિયો સાંભળો, ટી.વી. જૂઓ, હવામાન અંગેના સ્થાનિક સમાચાર માટે વર્તમાન પત્ર વાંચો અથવા હવામાન વિશેની માહિતી આપતી મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી તેમાંથી માહિતી મેળવો. તરસ ના લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવું. વાઈ, હૃદય, કીડની કે યકૃત સંબંધી બીમારીથી પીડાતા વ્યક્તિઓ કે જેમને પ્રવાહીની માત્રા ઓછી લેવાની હોય તેમણે તેમજ જેમના શરીરમાંથી પ્રવાહીનો નિકાલ ઓછો થતો હોય તેમણે પ્રવાહી લેતા પહેલા ડોકટરની સલાહ અવશ્ય લેવી જોઈએ.

શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ORS દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નારિયેળ પાણી વગેરેનો ઊપયોગ કરવો. વજન તેમજ રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરવા. જો તમે ઘર ની બહાર હોવ તો માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો. આંખોના રક્ષણ માટે સન-ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવી પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો. લૂ લાગવાની સૌથી વધુ સંભાવના છે તેવા બાળક, સગર્ભા, વૃદ્ધ, બિમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિની વિશેષ કાળજી લેવી.

**કામદાર અને નોકરીદાતાઓએ આટલું ધ્યાન રાખવું**

કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવી. તમામ કામદાર માટે આરામની વ્યવસ્થા, શુધ્ધ પાણી,



છાશ, ORS, પ્રાથમિક સારવાર પેટીની વ્યવસ્થા કરવી. કાર્ય કરતી વખતે સીધો સૂર્યપ્રકાશ આવે તેવી સ્થિતિને ટાળવી તેમજ વધુ મહેનત લાગે તેવું કામ દિવસના ઠંડા સમયે ગોઠવવું.

બહારની પ્રવૃત્તિઓ માટે વિશ્રાંતી સમય અને તેની સંખ્યા વધારવી. જે કામદાર વધુ ગરમી વાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયેલ નથી તેમને હળવું તેમજ ઓછી અવધી માટે કામ આપવું. સગર્ભા સ્ત્રીઓ તેમજ શારીરિક નબળઈ ધરાવતા કામદાર ઉપર વિશેષ ધ્યાન આપવું. કામદારો ને હીટ વેવ એલેર્ટ વિશે માહિતગાર કરી, શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહી, ઘરગથ્થુ ઉપાય કરવા. જેવા કે કાચી કેરી સાથે ડુંગળીનું ધાણાજીરુ નાખેલું કચુંબર લૂ લાગવાની શક્યતા ઘટાડી શકે છે. પંખાનો ઉપયોગ કરવો અને ઢીલા અને સુતરાઉ કપડાં પહેરવા.

કાર્યાલય કે રહેઠાણના સ્થળે આવતાં ફેરિયા કે ડીલીવરી માણસને પાણી પીવડાવવું. કાર પુલીંગ અથવા તો જાહેર વાહન વ્યવહારના સાધનોનો ઉપયોગ કરો, જેથી ગ્લોબલ વોર્મીંગ અને ગરમીનું પ્રમાણ ઘદડી શકાય. સૂકા પાંદડા, ખેતીનો કે અન્ય કચરો બાળવો નહીં. પાણીનાં સ્ત્રોતનું રક્ષણ કરવું અને વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા કરવી. ઊર્જા કાર્યદક્ષ સાધનો, શુદ્ધ બળતણ અને ઊર્જાના વૈકલ્પીક સ્ત્રોતનો ઉપયોગ કરવો. જો ચક્કર આવતા હોય કે બીમાર હોવ તો તરત જ તબીબી સલાહ લો અથવા ઘરના કોઈપણ સદસ્યને જાણ કરો.

**ઘરને ઠંડુ રાખવા માટે આટલું કરો**

ઘરની દીવાલોને સફેદ રંગથી રંગવી. ઘરમાં ઓછા ખર્ચે ઠંડક મેળવવા માટે કૂલ રુફ ટેકનોલોજી, હવાની અવર-જવર માટે ક્રોસ વેંટીલેશન અને થર્મો કૂલ ઈન્સુલેશનનો ઉપયોગ કરવો. સૂકા ઘાંસની ગંજી છત ઉપર રાખવી અથવા છત ઉપર શાકભાજી પણ ઉગાડી શકાય. ઘરની બારીઓ ઉપર સૂર્યપ્રકાશને પરાવર્તિત કરવા માટે એલ્યુમિનીયમ ફોઈલ કવર વાળા પૂંઠા લગાવવા અથવા ઘેરા રંગના પડદા બારીઓને રંગીન કાચ લગાવો અથવા સનશેડ લગાવો અને ફક્ત ૧ જ બારી ખોલો. બને ત્યા સુધી નીચેના માળ ઉપર રહો.

લીલા રંગના છાપરા મકાનને કુદરતી ઠંડુ રાખે છે અને એયર કંડીશનરનો ઉપયોગ ઘટાડે છે. એયર કંડીશનરનું તાપમાન ૨૪ ડીગ્રી કે તેનાથી વધુ રાખો, જેથી વિજળીનું બીલ ઓછુ આવે અને સાથે સ્વસ્થતાનું પણ ધ્યાન રાખી શકાય. નવા ઘરના બાંધકામ વખતે રાબેતા મુજબની દીવાલને બદલે છીદ્રાળુ દીવાલ ટેકનોલોજીનો ઉપયોગ કરવો. જાડી દીવાલનું ચણતર કરવું, જે ઘરને અંદરથી ઠંડુ રાખશે. નીચેથી જાળીદાર દીવાલ ચણતર કરો કે જે ગરમીને અટકાવે અને વધુ હવાને પરસ્પર થવા દેશે. દીવાલને રંગવા માટે ચૂનો અથવા કાદવ જેવા કૂદરતી સામગ્રીનો ઉપયોગ કરો.

**લૂ લાગે તો આ સારવાર કરો**

ભીના કપડાનો ઉપયોગ કરવો અથવા લૂ લાગી હોય તે વ્યક્તિના માથા પર પાણી રેડવું. શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ અથવા લીંબુ સરબત જેવું ઠંડુ પ્રવાહી આપવું. વ્યક્તીને તાત્કાલીક નજીકના સ્વાસ્થય કેન્દ્ર ઉપર લઈ જવા. જો શરીરનું તાપમાન એકધારુ વધતું હોય, માથાનો અસહ્ય દુખાવો હોય, ચક્કર આવતા હોય, નબળાઈ હોય, ઊલ્ટી થતી હોય કે બેભાન થઈ ગયો હોય તો તાત્કાલિક એમ્બ્યુલસ બોલાવવી.

**આટલું ન કરો**

બપોરના સમયે તડકામાં જવાનું ટાળવું. ના છૂટકે બપોરના સમયે બહાર જવાનું થાય તો શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરવી. ખુલ્લા પગે બહાર ન જવું. આવા સમયે રસોઈ ન કરો, બને તો રસોઈ વહેલા કરી લેવી. રસોડામાં હવાની અવર-જવર માટે બારી અને બારણા ખુલ્લા રાખવા. શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણા જેમ કે શરાબ, ચા-કોફી, સોફ્ટ ડ્રિક્સ લેવાનું ટાળો. પ્રોટીનની વધુ માત્રા વાળા, મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠા વાળા આહારને ત્યજો. આ ઉપરાંત પાર્ક કરેલા વાહનમાં પાળતુ પ્રાણી કે બાળકોને એકલા ન રાખો. વધારે પડતી રોશની વાળા વિજળીના બલ્બનો ઉપયોગ ટાળો અને જરૂર ના હોય તો કોમ્પ્યુટર કે બીજા ઊપકરણને બંધ રાખો.



શુક્રવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનની સરેરાશ કરતાં ત્રણ ડિગ્રી વધારે હતું, એમ ભારતીય વિભાગ (આઈએમડી) અનુસાર હતું.

### ઈરાન પર હુમલાને લઈને સૌથી મોટું અપડેટ

# ઈરાને ઈઝરાયેલના હુમલાઓથી બચવા હવાઈ સંરક્ષણ સક્રિય કર્યું

### ઇઝરાયલની સેનાએ આ બાબતે કોઈ ટિપ્પણી કરી નથી

। (એજન્સી) તહેરાન, તા.૧૯ ।

ઈરાન પર ઈઝરાયેલ સેનાએ કરેલા હુમલાને લઈને સૌથી મોટું અપડેટ સામે આવ્યું છે. વાત કરીએ તો ઈરાન દ્વારા ઈઝરાયેલ ના હુમલાથી પોતાને બચાવવા માટે હવાઈ સંરક્ષણ સક્રિય કરવામાં આવ્યું છે. ત્યારે ઈઝરાયલ સેના આ બાબતે કોઈ ટિપ્પણી કરી નથી સંપૂર્ણપણે મૌન છે. ઈસ્ફહાન એરપોર્ટ નજીક વિસ્ફોટનો અવાજ સંભળાયા બાદ ઈરાને એર ડિફેન્સ બેટરીઓ કાઢી નાખી છે. ઈરાનના ઈઝરાયેલ પર ડ્રોન અને મિસાઈલ હુમલાના થોડા દિવસો બાદ સંભળાયેલા આ અવાજોએ ઈઝરાયેલના સંભવિત હુમલાની આશંકા વ્યક્ત કરી છે. કોઈ ઈરાની અધિકારીએ આ આશંકાનો સીધો સ્વીકાર કર્યો નથી અને ઈઝરાયેલી સેનાએ પણ તેના પર કોઈ ટિપ્પણી કરી નથી. આવી સ્થિતિમાં હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે ઈરાન પર હુમલો થયો છે કે કેમ. પરંતુ ઈરાનના એક સરકારી અધિકારી અને બાદમાં અહેવાલ અનુસાર આ સ્થળોને કદાચ



ડ્રોન દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા. મળતા અહેવાલ અનુસાર કેટલાક પ્રાંતોમાં બચાવ એકમો સક્રિય કરવામાં આવ્યા હતા. તેણે એ નથી કહ્યું કે શા માટે બેટરીઓ ફાયર કરવામાં આવી હતી પરંતુ નજીકના લોકોએ અવાજ સાંભળ્યો હોવાની જાણ કરી હતી. IRNA એ અહેવાલ આપ્યો છે કે ઈસ્ફહાનના મુખ્ય એરપોર્ટ પરથી એર ડિફેન્સ બેટરીઓ કાઢી નાખવામાં આવી હતી. અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી 'ફાર્સ' અને 'તસ્નીમ'એ પણ વિસ્ફોટો સાંભળવાના અહેવાલ આપ્યા હતા પરંતુ તેનું કારણ સ્પષ્ટ કર્યું નથી.

## ન્યૂઝ બ્રિફ

### કેનેડામાં પકડાયેલા ૬ આરોપીમાં ૨ ભારતીય મૂળના પણ સામેલ



। (એજન્સી) ઓટ્ટાવા, તા.૧૯ ।

ગયા વર્ષે કેનેડામાં સૌથી મોટી ચોરી થઈ હતી જેમાં સોના અને વિદેશી ચલણનો સમાવેશ છે આ ચોરીને લઈને પોલીસે કુલ ૬ લોકોની ધરપકડ કરી છે. જેમાં ૨ લોકો ભારતીય મૂળ છે જેમની સંડોવણી પણ બહાર આવી છે. પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ ચોરીનો પ્લાન netflixની સિરીઝ મની હેસ્ટમાંથી પ્રેરણા લઈને કરવામાં આવ્યો હતો. દેશી સૌથી મોટી ચોરી ગયા વર્ષે ૧૭ એપ્રિલ ૨૦૨૩ ના રોજ કેનેડાના સૌથી મોટા એરપોર્ટ ટોરેન્ટો એરપોર્ટ પરથી કરવામાં આવી હતી. ચોરીમાં ચોરોએ કુલ ૬૬૦૦ સોનાના બાર જેની કિંમત ૨૦ મિલિયન કેનેડિયન ડોલર હતી સાથે જ વિદેશી ચલણની પણ ચોરી કરવામાં આવી હતી કેનેડિયન પોલીસ છેલ્લા એક વર્ષથી તપાસ કરી રહી હતી જેમાં અમેરિકન પોલીસની પણ મદદ લેવામાં આવી હતી અને ચોરી ના લગભગ એક વર્ષ બાદ કેનેડિયન અને અમેરિકન છ લોકોની ધરપકડ કરી છે જેમાંથી પાંચ લોકો કેનેડા માંથી પકડાયા જ્યારે એક વ્યક્તિની અમેરિકાના પેન્સિલવેનિયા રાજ્યમાંથી ધરપકડ કરવામાં આવી છે. પોલીસ દ્વારા આ કેસમાં ધરપકડ કરવામાં આવેલા ૬ આરોપીઓ માંથી ૨ આરોપીઓ ભારતીય મૂળ છે મળતી માહિતી મુજબ એડ કેનેડાના કર્મચારી ૫૪ વર્ષીય પરમપાલ સિધુ ની ધરપકડ કરવામાં આવી છે.

### દેશના આઝાદી પહેલાના બિઝનેસ હાઉસ ગોદરેજનું વિભાજન શરૂ

Godrej Industries Ltd.

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દેશના સૌથી જુના બિઝનેસ હાઉસ ગોદરેજનું વિભાજન શરૂ થઈ ગયું છે. ગોદરેજ પરિવારે એકબીજાની કંપનીઓના બોર્ડમાંથી બહાર નીકળવાની પણ શરૂઆત કરી કરી દીધી છે. પરિવારના સભ્યો વચ્ચે બે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે. પ્રથમ કેસ વિતરણનો છે અને બીજો ગોદરેજ બ્રાન્ડ નામનો છે હાલમાં ગોદરેજ પરિવારના બે જૂથ છે ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસિએટ્સનું નેતૃત્વ આદિ અને નાદિર ગોદરેજ ભાઈઓ કરે છે ગોદરેજ એન્ડ બોયસ મેન્યુફેક્ચરિંગ કંપનીનું નેતૃત્વના પિતરાઈ ભાઈ જમશેદ ગોદરેજ અને સ્મિતા ગોદરેજ ક્રિષ્ના કરે છે. આદિલ અને નાદિર બંને ભાઈઓના ગોદરેજ એન્ડ બોયસ બોર્ડમાંથી રાજીનામું આપ્યા બાદ જમશેદ ગોદરેજે પણ GCPL અને કુદરતી પ્રોપર્ટીઝના બોર્ડમાં તેમની સીટ છોડી દીધી છે તેવી પણ માહિતી મળી રહી છે.

### ખડગેએ મોદી સરકાર પર નિશાન સાધ્યું

# મારા લોકોને આજે પણ તમામ મંદિરોમાં જવાની મંજૂરી નથી : કોંગ્રેસ અધ્યક્ષ ખડગે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અયોધ્યાના રામ મંદિરનો ઉલ્લેખ કરી ફરી મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે. તેમણે કહ્યું કે, 'અનુસૂચિત જાતિના લોકો હજુ પણ દેશભરમાં ભેદભાવનો સામનો કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના હોવાથી મોદી સરકારે તેમનું અપમાન કર્યું છે. મુર્મૂને અયોધ્યાના રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા અને નવા સંસદ ભવનના ઉદઘાટન કાર્યક્રમમાં આમંત્રણ ન અપાયું, જ્યારે કોવિંદને નવા સંસદભવનની આધારશિલા રાખવાની મંજૂરી આપવામાં ન આવી.' ખડગેએ વધુમાં કહ્યું કે, 'મારા લોકોને આજે પણ તમામ મંદિરોમાં જવાની મંજૂરી નથી. માત્ર રામ મંદિર જ નહીં, તમે ક્યાં પણ જાઓ, પ્રવેશ માટે મારમારી થાય છે. ગામડાઓમાં નાના-



નાના મંદિરોમાં પણ જવાની મંજૂરી નથી. પીવાનું પાણી અપાતું નથી, શૈક્ષણિક સંસ્થાઓને મંજૂરી અપાતી નથી, જો વરરાજા ઘોડા પર લગ્ન કરવા નિકળે તો તેને ખેંચીને માર મારવામાં આવે છે. તો પછી હું કેવી રીતે આશા રાખું. જો હું ગયો હોત, તો શું તેઓ સહન કરી શક્યા હોત?' ઉલ્લેખનિય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ રાજકીય મજબૂરીના કારણે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમથી દૂર રહી છે, જેને ખડગેએ રદીઓ આપ્યો છે. આ મુદ્દે તેમણે કહ્યું કે, 'અનુસૂચિત જાતિના લોકોને હજુ પણ ઘણા મંદિરોમાં જવાની મંજૂરી નથી, આવી સ્થિતિમાં હું અયોધ્યા ગયો હતો તો શું તેઓ સહન કરી શક્યા હોત? જ્યારે ખડગેને પ્રશ્ન કરાયો કે, શું તમે બાદમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લેવાનું વિચાર્યું હતું? તો તેમણે કહ્યું કે, 'આ વ્યક્તિગત આસ્થા છે, કોઈપણ વ્યક્તિ જ્યારે ઈચ્છે, જે દિવસે ઈચ્છે, પછીના દિવસે કે કોઈપણ દિવસે મંદિર જઈ શકે છે. મોદી પુજારી નથી. તેમણે રામ મૂર્તિની સ્થાપનાનું નેતૃત્વ કેમ કર્યું? મોદીજીએ માત્ર રાજકીય ઉદ્દેશના કારણે આવું કર્યું. મંદિરનો એક તૃતિયાંશ ભાગ હજુ પણ તૈયાર થયો નથી. આ રાજકીય સમારોહ છે કે ધાર્મિક સમારોહ... તમે ધર્મને રાજકારણ સાથે કેમ સરખાવી રહ્યા છો?' ઉલ્લેખનિય છે કે, ખડગે અનુસૂચિત જાતિ સમાજના છે.

## સ્કોટલેન્ડમાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા



। (એજન્સી) એડિનબર્ગ, તા.૧૯ ।

છેલ્લા ઘણા સમયથી વિદેશમાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓની મોતની ઘટનાઓ વધી રહી છે. હવે સ્કોટલેન્ડમાં પણ આવી જ એક ઘટના સામે આવી છે જેમાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. સ્કોટલેન્ડના એક લોકપ્રિય ટૂરિસ્ટ પ્લેસ પર દેશના અન્ય ચાર મિત્રો સાથે હાઈકિંગ કરતી વખતે બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા હતા. આ બંને વિદ્યાર્થીઓ ડૂબી ગયા હતા અને તેમને બચાવી શકાયા ન હતા. બે નદીઓ જ્યાં મળે છે ત્યાં લિન ઓફ તુમેલ નજીક બુધવારે રાત્રે પાણીમાંથી બચાવ કર્મીઓએ આ બંને વિદ્યાર્થીઓના મૃતદેહો બહાર કાઢ્યા હતા. ડૂબી ગયેલા બંને ભારતીય વિદ્યાર્થીઓ તેમજ તેમની સાથેના લોકો ડંડી યુનિવર્સિટીમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરતા હતા. મૃતકોમાં ૨૬ વર્ષીય જીતેન્દ્રનાથ કરૂતુરી અને ૨૨ વર્ષીય ચાણક્ય બોલિસેટ્ટીનો સમાવે થયા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બુધવારે રાત્રે જીતેન્દ્રનાથ કરૂતુરી અને ચાણક્ય બોલિસેટ્ટીના મૃતદેહો લિન ઓફ તુમેલ ખાતેથી મળ્યા હતા. જે પિટલોકીની ઉત્તરમાં આવેલું છે. જ્યાં આ ઘટના બની ત્યાં કોઈ વિચિત્ર સંજોગો જોવા મળ્યા નથી. લંડનમાં ભારતીય હાઈ કમિશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, બે વિદ્યાર્થીઓના મૃતદેહો મળી આવ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે, બંને વિદ્યાર્થીઓના પરિવારજનોનો ભારતીય કોન્સ્યુલેટ જનરલ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. જ્યારે કોન્સ્યુલર પ્રતિનિધિ યુકેમાં રહેતા એક ભારતીય વિદ્યાર્થીને મળ્યા છે. યુનિવર્સિટી ઓફ ડંડીએ આ મામલે દરેક રીતે મદદ કરવાનું વચન આપ્યું છે. બંને વિદ્યાર્થીઓનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે અને ત્યારબાદ તેમને મૃતદેહોને ભારત મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. જ્યારે યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે, આ એક દુઃખદ સમાચાર છે જેનાથી અમને બધાને મોટો આઘાત લાગ્યો છે. અમે મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓના પરિવારજનો અને મિત્રોને સાંત્વના પાઠવીએ છીએ.

### ભારે વરસાદ અને પૂરના કારણે તારાજી સર્જાઈ છે

# ભારે પૂર બાદ હવે ફરીથી બેઠા થવા સંઘર્ષ કરી રહ્યું છે UAE

। (એજન્સી) અબુધાબી, તા.૧૯ ।

યુનાઈટેડ આરબ અમિરાત (UAE) માં પડેલા અસામાન્ય વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી અને તેમાં કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. હાલમાં યુએઈ આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. દુબઈ એરપોર્ટ પર ફ્લાઈટ્સનો ભારે ટ્રાફિક હોય છે અને ત્યાં પણ વરસાદના પાણી ફરી વળ્યા છે. જોકે, તેણે પોતાના મુખ્ય એરપોર્ટ પર કામગીરી શરૂ કરવા માટે કામ કર્યું હતું તેમ છતાં મોટા હાઈવે અને રોડ પર હજી પણ પૂરના પાણીમાં ડૂબેલા છે. દુબઈ એરપોર્ટ્સના ચીફ ઓપરેટિંગ ઓફિસર માજેદ અલ જોકરે સ્થાનિક ટીવીને જણાવ્યું હતું કે, તેઓ અપેક્ષા રાખી રહ્યા છે કે ગુરૂવાર સુધીમાં દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ તેની ૬૦-૭૦ ટકા ક્ષમતા સુધી પહોંચી જશે અને ૨૪ કલાકની અંદર સંપૂર્ણ ક્ષમતા સાથે કામ




કરતું થઈ જશે. યુએઈમાં જે વરસાદ પડ્યો તે અસામાન્ય હતો અને તેના કારણે તેની ડ્રેનેજ સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી, પૂરના પાણી આસપાસના વિસ્તારોમાં, બિઝનેસ ડિસ્ટ્રિક્ટ્સ અને દુબઈમાંથી પસાર થતાં ૧૨ લેનના શેખ ઝાયેદ રોડ હાઈવે પર ફરી વળ્યા હતા. બુધવારે એક સંદેશમાં અમીરાતી લીડર અને અબુધાબીના શાસક શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાને જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ સમગ્ર યુએઈમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિ શું છે.

### ફિલ્મના સેટેલાઇટ રાઇટ્સ માટે OTTની લાઈનો લાગી

# પુષ્પા ૨ ધ રુલ ફિલ્મ રિલીઝ પહેલા જ કરોડોની કમાણી કરી રહી છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

આગામી દિવસોમાં રિલીઝ થનારી ફિલ્મ પુષ્પા ૨ ધ રુલ રિલીઝ થતા પહેલા જ કરોડોની કમાણી કરી રહી છે. અલ્લુ અર્જુનની મોસ્ટ અવેટેડ ફિલ્મ પુષ્પા ૨ ધ રુલનું ટીઝર રિલીઝ થઈ ગયું છે પુષ્પા ૨ ના અલ્લુ અર્જુનના ટૂંકા ટીઝરએ યુટ્યુબ પર એવી ધૂમ મચાવી છે કે ફિલ્મ ના રિલીઝ પહેલાં જ ott પ્લેટફોર્મની લાઈનો લાગી છે. સુકુમાર નિર્દેશિત પુષ્પા ૨ ફિલ્મનું બજેટ અંદાજે ૫૦૦ કરોડ રૂપિયા જેટલું છે આ ફિલ્મ સ્વતંત્રતા દિવસે રિલીઝ થઈ રહી છે પરંતુ રિલીઝ થતા પહેલા ફિલ્મના સેટેલાઈટ રાઈટ્સ ને લઈ ' ની લાઈનો જોવા મળી રહી છે ઉલ્લેખનીય છે કે ફિલ્મ પુષ્પા ૨ ના સેટેલાઈટ રાઈટ્સ નેટફ્લિકસ એ રૂપિયા ૨૭૫માં ખરીદ્યા છે અને આ કિંમત માત્ર બેઝ પ્રાઈઝ છે જો ફિલ્મ મેગા હિટ સાબિત થશે તો તેની




કિંમત રૂપિયા ૩૦૦ કરોડે પોહચી શકે છે .ઉલ્લેખનીય છે કે ફિલ્મ ના ટીઝર પરથી અનુમાન લગાવી શકાય છે કે ફિલ્મ પુષ્પા ૨ ધ રુલ આ વર્ષ ની સૌથી મોટી ફિલ્મોમાંથી એક છે. આ ફિલ્મ ૨૦૨૪ માં કમાણી નો ઈતિહાસ પણ રચી શકે છે. ફિલ્મ પુષ્પા ૨ ને લઈ મેકર્સ અલગ અલગ ott પ્લેટફોર્મ સાથે ડીલ કરી રહ્યું છે મહત્વનું છે કે ગયા વર્ષમાં ઈઈઈ ફિલ્મના સેટેલાઈટ રાઈટ્સ રૂપિયા ૧૭૦ કરોડમાં ખરીદવામાં આવ્યા હતા જે રેકોર્ડ બ્રેક રકમ થતી.



આઈએમડીની આગાહી અનુસાર ઝારખંડ અને ગંગાના પશ્ચિમ બંગાળમાં ૧૮થી ૨૨મી એપ્રિલ સુધી સતત હીટવેટની સ્થિતિ રહેશે.

### નૌકાદળને મળ્યાં નવા પ્રમુખ

# નૌકાદળના નવા પ્રમુખ તરીકે દિનેશ ત્રિપાઠી હશે

। નવી દિલ્હી, તા.૧૯ ।

નૌકાદળના નવા પ્રમુખ તરીકે વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠીની નિમણૂક કરી દેવામાં આવી છે. હવે તેઓ ૩૦ એપ્રિલે તેમનો નવો પદભાર સંભાળશે. એ જ દિવસે વર્તમાન નેવી ચીફ આર. હરિ કુમાર નિવૃત્ત થશે. વાઈસ એડમિરલ ત્રિપાઠી હાલમાં નૌકાદળના ઉપપ્રમુખ છે. તેમની ૪૦ વર્ષની લાંબી કારકિર્દીમાં ત્રિપાઠીએ ઘણી મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી છે. ૧૫ મે ૧૯૬૪ના રોજ જન્મેલા વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠી ૧ જુલાઈ ૧૯૮૫ના રોજ નેવીમાં જોડાયા હતા. તે રીવાની સૈનિક સ્કૂલ, અને ખડગવાસલામાં આવેલી



નેશનલ ડિફેન્સ એકેડમીના પૂર્વ વિદ્યાર્થી રહ્યા છે. દિનેશ ત્રિપાઠી કોમ્યુનિકેશન્સ અને ઈલેક્ટ્રોનિક વોરફેર એક્સપર્ટ છે અને તેમણે સિગ્નલ કોમ્યુનિકેશન ઓફિસર અને ઈલેક્ટ્રોનિક વોરફેર ઓફિસર તરીકે એડવાન્સ્ડ નેવલ શિપ પર સેવા આપી છે. વાઈસ એડમિરલને નોંધપાત્ર અને પ્રશંસનીય કાર્ય માટે અતિ વિશિષ્ટ સેવા મેડલ અને નેવી મેડલ એનાયત કરવામાં આવ્યા છે.

## તંત્રી લેખ...

# ઈચ્છાઓ માત્ર કલ્પના માટે નથી, ઈચ્છાઓ તો પ્રેરણા અને ઉત્સાહની સંવાહક છે

જીવન છે તો ઈચ્છાઓનું હોવું પણ સ્વાભાવિક છે. જોકે એક સમસ્યા એ પણ છે કે એક ઈચ્છા પૂરી થતાં જ બીજી ઈચ્છા પેદા થઈ જાય છે. જ્યારે એ પણ એક સમસ્યા છે કે જો ઈચ્છાઓ જ નહીં હોય તો સંભવ છે કે વ્યક્તિની પ્રગતિનો રસ્તો જ અવરુદ્ધ થઈ જાય. આ સાંસારિક જગતની વાસ્તવિકતા જ એ છે કે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે સમાજ ઈચ્છાઓથી અલગ નથી. સંસ્થાઓ પણ કોઈને કોઈ ઉદ્દેશ્યથી બનાવવામાં આવે છે અને પોતાના ઉદ્દેશ્યની પૂર્તિ જ તેમની કામના હોય છે. ત્યાં સુધી કે ધર્મના પ્રચાર-પ્રસારના કેન્દ્રમાં પણ પોતાના વિસ્તારની ઈચ્છાનો સમાવેશ હોય છે. ઈચ્છાઓ માત્ર કલ્પના માટે નથી. ઈચ્છાઓ તો પ્રેરણા અને ઉત્સાહની સંવાહક છે. તેની પૂર્તિ માટે શ્રમની સાથે જ સકારાત્મક ઊર્જાનું હોવું પણ આવશ્યક છે. સકારાત્મકતાની શક્તિ વ્યક્તિને ઈચ્છાપૂર્તિ માટે સાચો રસ્તો દેખાડવામાં મદદ કરે છે. તેણે એ માધ્યમોથી પરિચિત કરાવે છે, જેના દ્વારા તે પોતાના ઉદ્દેશ્યના ગંતવ્ય સુધી પહોંચી શકે છે. આ યાત્રામાં ઉત્સાહની પણ મહત્ત્વની ભૂમિકા હોય છે. ઉત્સાહનો અભાવ કામનાપૂર્તિમાં બાધક બને છે. આળસુ મન ખુલ્લી આંખોએ સ્વપ્ન તો દેખાડી શકે છે, પરંતુ તેને પૂર્ણ કરવાની દિશામાં પુરુષાર્થ માટે પ્રેરિત નથી કરી શકતો. ઈચ્છાઓને મનમાં અવશ્ય સ્થાન આપો, પરંતુ એ ચોક્કસ ધ્યાન રાખો કે તમારી ઈચ્છાઓ સમગ્રતામાં કલ્યાણકારી હોયત કોઈનું અહિત કરનારી ન હોય. સ્વહિતકારી અને પરહિતકારી ઈચ્છાઓ પૂર્ણ થવી એ જ શ્રેયસ્કર છે. નહિ તો ઈચ્છાઓનું અપૂર્ણ રહી જવું જ યોગ્ય રહેશે. ઈચ્છા અને કુત્સિત ઈચ્છાના અંતરને સમજીને યોગ્ય પસંદગી કરવાથી બ્રહ્માંડની શક્તિઓ પણ સહાયક બની જાય છે. આ પ્રકારે જ્યારે તે પૂર્ણ થાય છે તો વ્યક્તિને પૂર્ણ સંતુષ્ટિ અને સુખનો અસીમ આનંદ પ્રાપ્ત થાય છે જે તેના પ્રભામંડળની આભામાં વૃદ્ધિ કરે છે. એવો વ્યક્તિ પોતાના સંપર્કમાં આવનાર વ્યક્તિઓમાં પણ સકારાત્મક ઊર્જાનો સંચાર કરે છે.


## રામાયણ અને મહાભારત આ બે મહાગ્રંથોની ભારતીય સંસ્કૃતિ ઉપર પ્રગાઢ અસર



ઉનાળાના ધોમધખતા તાપમાં ટાઢક થઈને અવતરેલા ભગવાન શ્રીરામની જન્મજયંતી ધામધૂમથી ભારતવર્ષમાં ઉજવાઈ. જોકે વાતાવરણમાં થતા અસાધારણ ફેરફારોને કારણે ચૈત્ર મહિનામાં ધોમધખતા તાપની શરૂઆત થઈ છે. ભર ઉનાળે ભગવાન શ્રીરામના અવતરણ દિવસને ભક્તો દ્વારા શ્રદ્ધા અને આસ્થાથી ઉજવવામાં આવ્યો. ચૈત્રી નવરાત્રિની સમાપ્તિ પણ અંબાજી અને પાવાગઢ જેવા શક્તિપીઠોમાં ભક્તોના ઘોડાપૂર સાથે થઈ. ચૈત્રી નોમના દિવસે સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક ભગવાન સ્વામીનારાયણનો પણ પ્રાગટ્ય દિવસ હોવાથી વિશ્વભરમાં ફેલાયેલા સ્વામીનારાયણ મંદિરોમાં પણ ભારે ભીડ જોવા મળી. ભારત દેશના પાયામાં અધ્યાત્મ રહેલું છે. અહીં દરેક દેવી-દેવતાઓના અનેક મંદિરો જોવા મળશે અને તેમને શ્રદ્ધાથી પૂજનારા ભક્તો પણ જોવા મળશે. અયોધ્યામાં રામલલાના ભાલ પર સૂર્યતિલકની પણ ભારે ચર્ચા થઈ. રામાયણ અને મહાભારત આ બે મહાગ્રંથોની ભારતીય સંસ્કૃતિ ઉપર પ્રગાઢ અસર છે. હિંદુ ધર્મના પૂજનીય ગ્રંથોથી ભાગ્યે જ કોઈ ભારતીય અજાણ હશે. ભારતીય સંસ્કૃતિ અનન્ય છે. તમે કોઈ ભગવાનને દાદા, મામા, કાકા બનાવી શકો તેટલી હદે ધર્મ અને જીવન ઓતપ્રોત થઈ ગયું છે. પશ્ચિમની સંસ્કૃતિમાં સૂર્ય એક તારો છે અને ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ છે, જ્યારે ભારતીય સંસ્કૃતિમાં સૂરજદાદા છે અને ચંદામામા છે! સૂર્યની ઉપાસનાના અને ચંદ્રની ઉપાસનાના પુરાણોક્ત મંત્રો આપણાં શાસ્ત્રોએ આપેલા છે. સવારમાં ઊગતા સૂર્યને પાણી ચઢાવવાનું મહાત્મ્ય છે. અરે, સૂર્ય બળવાન થાય એનાં નંગ પણ આપણે પહેરીએ છીએ અને ચંદ્રને કારણે વિચલિત મનોદશાને સખણી રાખવા ચંદ્રનું નંગ પણ ધારણ કરીએ છીએ! સૌથી વધુ પૂજાતા એવા હનુમાનદાદા અને ગણપતિદાદા પણ આપણા સ્વજન હોય એવું જ આપણે માનીએ છીએ. ભારતીય માનસમાં તાણાવાણાની જેમ વણાયેલા રામાયણમાં રામનું અયન એટલે કે રામની ગતિ આલેખાઈ છે. સમગ્ર રામાયણને તમે પૂજનીય ગ્રંથ માનીને પૂજા કરો તેને બદલે તેનું અધ્યયન કરો તો શક્ય છે તમારા જીવન પ્રત્યેના દૃષ્ટિકોણમાં ધરમૂળથી પરિવર્તન આવશે. રામ સતત ગતિ કરતા રહ્યા છે. જે કોઈ પરિસ્થિતિ આવી પડી તેનો સહજ અને સહર્ષ સ્વીાર શ્રીરામ પાસેથી શીખવા જેવો છે. બીજા દિવસે રાજ્યાભિષેક હોય અને આગલા દિવસે વનવાસમાં જવાના આદેશને પણ સહજતાથી શ્રીરામ જ સ્વીકારી શકે. નિઃસ્પૃહ અને નિર્લેપ એવા શ્રીરામ જેટલી સરળતાથી રાજગાદીને છોડી વનવાસમાં જવા તૈયાર થાય એમાં ભગવાન શ્રીરામનું ચરિત્ર ઉપસે છે. આજના સત્તાભૂખ્યા રાજકારણીઓ જે સત્તા માટે છેલ્લી પાટલીએ બેસી જતા હોય છે તેમણે શ્રીરામના ચરિત્રમાંથી શીખ લેવી જોઈએ. રામ મંદિરના નામે તરતા સત્તાભૂખ્યા પથરાઓ શ્રીરામના ચરિત્રમાંથી કશું શીખતા નથી અને ઉલટા લાજવાના બદલે ગાજતા ફરે છે. જગતના અતિ ઉચ્ચ અને સર્વોત્તમ ગુણોનો સમુચ્ચય એટલે ભગવાન શ્રીરામ. રામચરિત્ર જેટલું પવિત્ર ચરિત્ર જગતમાં ક્વચિત્ જ જોવા મળશે. સમગ્ર રામાયણમાં શ્રીરામનું ચરિત્ર ઉપસે છે. ચરિત્ર ખૂબ ગંભીર બાબત છે. એમાં બનવું પડે છે, પસંદ કરવું પડે છે કે આ નથી કરવું અને આ કરવું છે. જીવનમાં ડગલે ને પગલે શ્રેય અને પ્રેયની પસંદગી આવે છે. તમે કોને પસંદ કરો છો તેના આધારે તમારું ચરિત્ર ઘડાય છે. ઋષિ વાલ્મિકીએ રામાયણ મહાકાવ્યના મહાનાયક તરીકે શ્રીરામનું માનવશ્રેષ્ઠ તરીકે ચરિત્ર ચિત્રણ કર્યું છે. તેનું કારણ રામને ભગવાન બનાવવાનું નહીં, પણ આપત્તિ સહન કરતાં કરતાં.

**શ્રદ્ધા ગુણાતીત નથી હોતી માટે બુદ્ધ પુરુષની પ્રિયતાનો અનુભવ નથી થતો, અથવા તો જળની લકીર જેવી શ્રદ્ધા હોય છે**

# સમન્વય કરવાનો મત, સંવાદનો મત, સંગમનો મત, સેતુનો મત, એ પ્રભુ રામનો પોતાનો પ્રબળ વિચાર છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભગવાન યોગ યોગેશ્વર કૃષ્ણએ પણ ગીતામાં ત્રણ પ્રકારની શ્રદ્ધાની ઉદ્ગોષણા કરી છે, સાત્વિકી, રાજસી અને તામસી. સૌને પોતપોતાની નીજતા હોય છે, હોવી જ જોઈએ, પરંતુ મારી સમજ મુજબ શ્રદ્ધા ગુણાતીત હોવી જોઈએ, ન રજોગુણી ન તમો ગુણી ન સાત્વિકી**

માનસ સેતુની ચોથા દિવસની કથામાં પ્રવેશતાં જ બાપુએ કહ્યું કે બુદ્ધ પુરુષને પ્રિય થવા માટે આશ્રિતે શું કરવું જોઈએ! કારણ કે એમને તો બધા પર સમાન પ્રેમ છે, પણ આપણે તેને અનુભવી શકતાં નથી, એ આપણી શ્રદ્ધાની કમી છે! એટલે કે એમની પ્રિયતા પ્રાપ્ત કરવામાં ક્યાંક આપણી જ કસર હોય છે. સહજો બાઈની જીજ્ઞાસાના ઉત્તરરૂપે ચરણદાસજીએ ચાર પ્રકારની રેખા બતાવી હતી. એક તો જાણે જળની લકીર, જે તરત જ નાશ પામે છે, એનું આયુષ્ય નહીં જેવું છે. હું જ્યારે પણ શ્રદ્ધાની વાત કરું ત્યારે ગુણાતીત શ્રદ્ધાની વાત કરું છું. ભગવાન યોગ યોગેશ્વર કૃષ્ણએ પણ ગીતામાં ત્રણ પ્રકારની શ્રદ્ધાની ઉદ્ગોષણા કરી છે, સાત્વિકી, રાજસી અને તામસી. સૌને પોતપોતાની નીજતા હોય છે, હોવી જ જોઈએ, પરંતુ મારી સમજ મુજબ શ્રદ્ધા ગુણાતીત હોવી જોઈએ, ન રજોગુણી ન તમો ગુણી ન સાત્વિકી. શ્રદ્ધા ને કોઈ શણગાર ન હોવો જોઈએ શ્રદ્ધા બિલકુલ નિરાલી હોય છે. આપણી શ્રદ્ધા ગુણાતીત નથી હોતી માટે બુદ્ધ પુરુષની પ્રિયતાનો અનુભવ નથી થતો, અથવા તો જળની લકીર જેવી શ્રદ્ધા હોય છે. એમની પ્રિયતા પ્રાપ્ત કરવા માટે આપણું પણ કોઈ કર્તવ્ય હોય છે, આપણી પણ કોઈ ડ્યુટી કે ફરજ હોય છે, એ આપણને યાદ રહેતું નથી, ફક્ત એના દ્વારા આપણી રક્ષા થાય એવી જ માંગ હોય છે. જો આપણી શ્રદ્ધા અચલ હોય તો આપણને બુદ્ધ પુરુષની પ્રિયતાનો અનુભવ થવા લાગે. ગીતાના શ્લોક ને કોટ કરીને કહ્યું, યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્. ભગવાન અર્જુનને કહે છે હે અર્જુન જે મને જે રીતે ભજે છે, એને હું બિલકુલ એ જ રીતે ભજું છું. આ લેણદેણ નથી, આ ભક્ત અને ભગવાન વચ્ચેનો એક સ્વાભાવિક સેતું છે, જ્યાં ભાવનાનું ઉત્કૃષ્ટ આદાન પ્રદાન હોય છે. પરંતુ જેમની પૂર્ણત શરણાગતિ છે, એમના માટે કોઈ કર્મ શેષ નથી, જોકે આ બોલવામાં સારું લાગે! આપણે એવી શરણાગતિ ક્યાંથી લાવવી. રામચરિત માનસમાં એક સ્ત્રીપાત્ર એવું નીકળ્યું કે એ પૂર્ણતઃ શરણાગત છે. મા ભવાની, દુર્ગા,કે પાર્વતી જે કહો તે, તેમણે સપ્તઋષિને પણ કહી દીધું કે, મારા સદગુરુ નારદએ મને કહ્યું છે કે, તને શિવ મળશે, માટે મળશે જ! સાક્ષાત ભગવાન શિવ આવીને કહે તો પણ હું તેમની વાત નહીં માનું. સાત જન્મ કુંવારી રહેવું પડે તો એ પણ મને મંજૂર છે, પણ હું મારા ગુરુ ના કહ્યા પ્રમાણે શિવને જ પ્રાપ્ત કરીશ. આવી નિતાંત શરણાગતિ પછી કોઈ જ કર્મ શેષ રહેતું નથી. માતૃશરીરમા સમર્પણ અને શરણાગતિ નો ભાવ જલ્દી આવે છે, અને પુરુષ શરીરમાં અહંકાર વધુ હોવાથી શરણાગતિ નો ભાવ ઓછો હોય છે! આ એક કુદરતી તફાવત છે! મારા શ્રોતા ભાઈ બહેનો નિતાંત શરણાગતિ માટે નીંદા સ્તુતિનું બેલેન્સ કરવું પડે, સુખ દુઃખનું બેલેન્સ કરવું પડે. શું ફરક પડે છે કોઈએ ગાળો દીધી, કે કોઈએ પ્રશંસા કરી બધા ઉપર ઉપરના આંદોલન છે. સુખ દુઃખ બધાનું સ્વાગત કરો, જે આવ્યા છે એ મહેમાન છે, સુખ સપનું છે, દુઃખ પરપોટો છે, કોઈનું આયુષ્ય શાશ્વત નથી. ભગવાન રામને કહેવામાં આવ્યું, કે કાલે આપનો રાજ્યભિષેક છે, ચહેરા પર પ્રસન્નતાની એક પણ લકીર ના આવી, બીજે દિવસે કહેવામાં આવ્યું ૧૪ વર્ષનો વનવાસ તો, મુખ પ્લાન પણ ન થયું, એ જ ચૈતસિક અવસ્થા. સહજો બાઈના ગુરુ કહે છે બીજી લકીર છે પંથ લકીર રસ્તાની લકીર, એ જરા ચિરાયું છે. એટલે કે હવા ન આવે, રસ્તા પરથી કોઈ વાહન કે કોઈ પથિક પસાર ન થાય, અથવા કોઈ ઈર્ષાળુ જાણી જોઈને એને ભૂસે નહીં તો એવી આસ્થા કે શ્રદ્ધા થોડી ચિરાયું બની રહે છે. સહજો બાઈના ગુરુ કહે છે ત્રીજી લકીર છે લોખંડની લકીર એ થોડી વધારે સપ્ન છે, પણ એ પણ ઘસાઈ છે લોઢું પણ ઘસાઈ જાય છે. એટલે કે જૂનું થઈ જાય કાટ લાગી જાય એવું બધું શક્ય છે. સહજો બાઈના ગુરુ કહે છે સહજો બુદ્ધ પુરુષની પ્રિયતા પામવા માટે તમે તેલનું ટીપું થઈ જાઓ, તેલનું ટીપું પાણીમાં નાખો તો એ તરત ફેલાઈ જાય છે. એ રીતે તમારો સ્નેહ, તમારી ગુણાતીત શ્રદ્ધા, તમારા બુદ્ધ પુરુષમાં ડુબાડી દો તમારો એકદમથી વિસ્તાર થઈ જશે, પાણી અને તેલના ટીપામાં કોઈ ભેદ નહીં રહે. એક પ્રશ્નના જવાબમાં સંસારમાં સૌથી મોટું દુઃખ દરિદ્રતા છે, તો આપે દરિદ્રતાનો શું અર્થ કર્યો? દરિદ્રતા મીન્સ અભાવગ્રસ્ત સ્થિતિ. પરંતુ માત્ર રૂપિયા પૈસા,કે મકાનનો અભાવ, કપડાનો અભાવ, એને જ દરિદ્રતા ન માનવી. ઈમાનદારી નો અભાવ, સત્યનો અભાવ, પ્રેમનો અભાવ, કરુણાનો અભાવ માનવતાનો અભાવ, એ બધી જ દરિદ્રતા છે. કોઈ વસ્તુના અભાવને જો દરિદ્રતા કહેવામાં આવતી હોય તો, આપણી પાસે આ બધી આપણાં મૂળ સ્વભાવની લાક્ષણિકતા કે મૌલિકતા નથી, તો એને પણ દરિદ્રતા કહી શકાશે. સમુદ્ર પર સેતુ બાંધતી વખતે પ્રભુ સમુદ્રને મનાવવા ત્રણ દિવસના ઉપવાસ કર્યા, પરંતુ પ્રકૃતિના પાંચ તત્વ જડ છે, આ ભારતીય વિજ્ઞાન છે. ત્યારે ભગવાન રામ લક્ષ્મણજી ને નીતિસૂત્રો કહ્યા હતાં. લક્ષ્મણ શઠની આગળ વિનયનો કોઈ અર્થ નથી. કુટીલની સામે પ્રીત અસફળ થાય છે, અતિશય કૃપણ સામે સુંદર નીતિના વ્યાખ્યાનનો કોઈ અર્થ નથી મમતામાં ડૂબેલાની સામે જ્ઞાન કથનનો કોઈ અર્થ નથી, અતિ લોભીની સામે વૈરાગની ચર્ચા કરીએ તો એમાં કોઈ સફળતા મળતી નથી, ક્રોધી ની સામે શાંત રહો તોય અસફળ થશે, અને કામી ની સામે હરિ કથા એ તો ખારી જમીનમાં બીજ વાવવા જેવું છે, એમાંથી કંઈ ઉગશે નહીં. પરંતુ તલગાજરડા કંઈક જુદું ભાવાનંતર કરે છે, કહે છે સજ્જનો સાથે તો સૌ કોઈ વિનય કરે પરંતુ આપણાં વિનયની ખરી કસોટી તો જ્યારે સઠો સાથે વિનય કરવામાં આવે ત્યારે જ થાય છે, અને એ સઠતા ત્યજી દે ત્યારે આપણા વિનયની જીત થાય છે. સીધા લોકોને સૌ પ્રેમ કરે વક્રની સાથે પ્રેમ કરવામાં આવે ત્યારે પ્રેમની કસોટી છે. વાનર જેવી પ્રજાતિ ને પણ પ્રેમ કરી પાવન અને પવિત્ર બનાવી દીધા. રાવણ જેવા અસુરના ભાઈ વિભીષણની શરણાગતિને પ્રભુએ સ્વીકારી, એટલે કે વક્રને પણ પ્રેમ કર્યો. આમ એક એક ભાષાંતર નહીં પણ ભાવાનંતર પર ખરાઈ નક્કી કરવી, એમાં જ આપણા ગુણની જીત છે. પ્રભુ ત્રણ દિવસમાં ઉપવાસ પછી સમુદ્ર જ્યારે જવાબ નથી આપતો ત્યારે લક્ષ્મણને કહે છે લક્ષ્મણ ધનુષ બાણ લાવો. લક્ષ્મણજી ને થયું કે રાઘવ ધનુષબાણ તો પોતાની પાસે રાખે છે, તો પછી મને એ આપ વાનું કેમ કહે છે! પરંતુ એટલા સમયમાં પણ જો સમુદ્ર વિનમ્ર થઈને શરણે આવી જાય તો, એને દંડ નથી દેવો! પ્રભુ એ સમુદ્રને મોકો આપવાનું કે અવસર આપવાનું વિચાર્યું, કારણે પ્રભુ સીધો પ્રહાર કરવામાં માનતા નહોતા. પરંતુ પ્રભુની આ નીતિ કામ આવી નહીં અને સમુદ્ર એ જવાબ આપ્યો નહીં માટે ભગવાને બાણ ચઢાવ્યું અને જેવું ખેચવું ત્યાં તો ઉઠી ઉદધિ ઉર અંતર જ્વાલા. અગ્નિની જ્વાળાઓ નીકળવા લાગી સાગરના જળચર ફફડવા લાગ્યા. સાગરમાં ખળભળી મચી ગઈ, ત્યારે સમુદ્ર શરણાગત થઈને પ્રભુને ચરણે આવ્યો, અને કહ્યું કે આપની સેનામાં નલ અને નીલ નામના બે વાનર છે, એને ઋષિના આશીર્વાદ મળેલ છે, અને એના સ્પર્શથી સાગરના પ્રવાહ પર મોટા મોટા પર્વતો પણ તરશે! મહારાજ આપ સેતુ બનાવો, આપ જોડો! આપ સેતું બંધના વિચાર સાથે આવ્યા છો. રામ જ બ્રહ્મ છે! પરંતુ કોઈ બૌદ્ધિક એ ન માને, તો પણ એણે એટલું તો સ્વીકારવું જ પડશે કે, રામ એ પરમ વિચાર છે, એ સૌને જોડવામાં માને છે. સમુદ્રની વાત પ્રભુને માફક આવી ગઈ, અને ભગવાને કહ્યું બરાબર છે, સમન્વય કરવાનો મત, સંવાદનો મત, સંગમનો મત, સેતુનો મત, એ પ્રભુનો પોતાનો પ્રબળ વિચાર છે. સમુદ્રનો મત સાંભળીને ભગવાન રામે સચીવોને બોલાવ્યાં, અને નલ નીલ દ્વારા સમુદ્રમાં મોટા મોટા પથ્થરો નાખીને, સેતુ નિર્માણ થઈ શકે એવો નિર્ણય થયો. રામ નામ સેતુ છે, વાલ્મિકીના શબ્દોમાં કહેવાયું કે ભગવાને નલ સેતુ બનાવ્યો. વ્યાસપીઠ આવતીકાલે આપને નવ સેતુ કહેશે, રામના નવ પ્રકારના સેતુ છે, અને પાછાં નવીન સેતુ છે. હનુમાનજી અને એની ટુકડી જ્યારે પાછી ફરે છે, ત્યારે એમણે નવલ ઈતિહાસ નું નિર્માણ કરી દીધું, નવજીવન કે નવ સેતુ! ગુરુકૃપાથી તલગાજરડી દૃષ્ટિએ કહું તો રામ નામ નવ વસ્તુમાં સેતુ નું કામ કરે છે, એની ચર્ચા આપણે આવતીકાલે કરીશું એમ કરી ચોથા દિવસની કથા ને વિરામ આપ્યો.

**ધર્મરાજા ગાદી ઉપર વિરાજ્યા છે, ધર્મરાજા વિદુરજીનું સ્વાગત કરે છે, વિદુરકાકા માન લેવા આવ્યા ન હતા**

# તમારા હાથે જેટલું પુણ્ય થાય તે ભૂલી જાવ, જેટલું પાપ થાય તે યાદ રાખો, આ સુખી થવાનો માર્ગ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**યુધિષ્ઠિરે ઘણા યજ્ઞો કર્યા, ભગવાન દ્વારિકા ગયા, ત્યારે અર્જુનને સાથે લઈ ગયા, પ્રભુને ઈચ્છા હતી કે, યદુકુળનો વિનાશ થાય તો સારું, યદુકુળનો વિનાશ થયો**

નીતિ વગરનો ધર્મ વિધુર છે. અર્થો પાર્જન કરવું એ ધર્મ છે, પણ અર્થ ધર્માનુકૂલ હોશે જોઈએ. અર્થને ધર્મની મર્યાદા ન હોય તો એ માયાનું સ્વરૂપ બને છે અને તે અનર્થ કરે છે. ધર્મરાજાના પવિત્ર રાજ્ય માં કોઈના ઘરમાં ઝઘડો ન હતો. પુત્ર માતાપિતાની આજ્ઞામાં રહેતો. તે વખતે રાજા ધર્મનિષ્ઠ હોવાથી પ્રજા પણ ધર્મનિષ્ઠ હતી. યુધિષ્ઠિરને ગાદીએ બેસાડીને શ્રી કૃષ્ણ દ્વારિકા પધારે છે. દ્વારિકાના લોકો રથયાત્રાના દર્શન કરે છે. રથમાં વિરાજેલા દ્વારિકાનાથનાં દર્શન રોજ કરો. શંખ,ચક્ર,ગદા,પદ્મ હાથમાં છે.સોનાનો રથ છે. આ શરીર રથમાં શ્રીકૃષ્ણને નિહાળો. ભક્તો હૃદય સિંહાસન ઉપર પરમાત્માને પધરાવી તેનાં દર્શન કરે છે. જ્ઞાનીઓ સમાધિમાં બ્રહ્મનાં દર્શન કરે છે. દ્વારિકાધીશ દ્વારિકામાં પધારે છે. સર્વને શ્રીકૃષ્ણદર્શનની આતુરતા છે. ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરી એકી સાથે સોળ હજાર રાણી ઓના મહેલમાં પ્રવેશ કર્યો. ભગવાન બોલવામાં ચતુર છે. દરેક ને કહે, તારે ત્યાં પહેલા આવ્યો છું.રાણીઓમાં બીજે દિવસે પ્રેમનો ઝઘડો થયો. ભગવાનની આ દિવ્ય લીલા છે. તે વખતે કામદેવ લડવા આવ્યા છે. રાસલીલામાં કામદેવ ની હાર થઈ હતી. પણ કહે છે કે,તે વખતે શ્રી કૃષ્ણ બાળક હતા તેથી હું હાર્યો અહીં દ્વારિકામાં હું જીતવાનો હાવભાવથી રાણીઓ એ શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યો, પણ શ્રીકૃષ્ણ અજેય રહ્યા. જંગલમાં વૃક્ષની નીચે બેસી કામને મારે તે સામાન્ય છે, પરંતુ અનેક રાણીઓ વચ્ચે રહીને કામને જીતે તે પરમાત્મા છે. શ્રીકૃષ્ણનું ચિંતન મનન કરનારને કામ ત્રાસ આપી શકે નહીં, તો શ્રીકૃષ્ણને કામ શું ત્રાસ આપી શકવાનો હતો? ઈશ્વર તે કે જે કોઈ દિવસ આધીન થતો નથી. કામને આધીન થાય તે જીવ. કામદેવે હાર કબૂલી.શ્રીકૃષ્ણ યોગેશ્વર છે.શંકર યોગી શ્વર છે. પૂર્ણ પ્રવૃત્તિધર્મમાં રહી પ્રવૃત્તિમાં લેપાય નહીં, આસક્ત ન બને તે યોગેશ્વર.સંપૂર્ણ નિવૃત્તિ માં રહી સ્વ-સ્વરૂપમાં સ્થિર રહે તે યોગી શ્વર. બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા છે. ઉત્તરાને ત્યાં બાળક થયો તે ચારે તરફ જોવા લાગ્યો કે માના પેટમાં પણ મને ચતુર્ભુજ સ્વરૂપે જે પુરુષ દેખાતા હતા તે ક્યાં છે? પરીક્ષિત ભાગ્ય શાળી છે કે જેને માતાના ગર્ભમાં પરમાત્માનાં દર્શન થયાં. તેથી પરીક્ષિત મહારાજ ઉત્તમ શ્રોતા છે. યુધિષ્ઠિરે બ્રાહ્મણોને પૂછ્યું કે, બાળક કેવો થશે? ત્યારે બ્રાહ્મણો એ કહ્યું, સર્વ ગ્રહો દિવ્ય પડ્યા છે. એક મૃત્ય સ્થાન જરા બગડેલું છે. એનું મૃત્યુ સર્પદંશથી થશે. ધર્મરાજાને આ સાંભળી દુઃખ થયું. મારા વંશનો દીકરો અને તે સર્પદંશ થી તેનું મૃત્યુ પામે તે યોગ્ય નથી. ત્યારે બ્રાહ્મણોએ આશ્વાસન આપ્યું. સર્પદંશથી તેનું મૃત્યુ ભલે થશે પણ તેને સદગતિ મળશે. તેના બીજા ગ્રહો સારા છે. તે ગ્રહો જોતા લાગે છે કે, આ જીવાત્માનો છેલ્લો જન્મ છે. નવમા સ્થાનમાં સ્વગૃહે ઉચ્ચક્ષેત્ર નો બૃહસ્પતિ હોય તે ધર્માત્મા બને છે. પરીક્ષિત ધીમે ધીમે મોટો થાય છે. ધર્મરાજા ગાદી ઉપર વિરાજ્યા છે. વિદુરકાકા પધાર્યા છે. ધર્મરાજા વિદુરજીનું સ્વાગત કરે છે. વિદુરકાકા માન લેવા આવ્યા ન હતા. તેઓ તો ધર્મરાજા યુધિષ્ઠિર ને આશરે પડેલા પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને એ બંધનમાંથી છોડાવવા આવ્યા હતા. છત્રીસ વર્ષ તીર્થયાત્રા કરીને આવ્યા હતા. શાસ્ત્રમાં તીર્થયાત્રાનું ઝાઝું મહત્ત્વ નથી. સહજ અવસ્થા ઉત્તમ, ધ્યાન ધારણ મધ્યમ, મૂર્તિપૂજા અધમ અને તીર્થયાત્રા તો અધમ. તેનું કારણ એ કે યાત્રામાં ઈશ્વરનું નિયમથી ધ્યાન થતું નથી. સત્કર્મ પણ નિયમપૂર્વક થતું નથી.ઘર કરતાં વધારે સત્કર્મ તીર્થયાત્રામાં ન થાય તો તીર્થયાત્રા શા ખપની? છત્રીસ વર્ષની યાત્રાનું વર્ણન વિદુર જીએ માત્ર બત્રીસ શબ્દોમાં કર્યું છે. તમારા હાથે જેટલું પુણ્ય થાય તે ભૂલી જાવ, અને જેટલું પાપ થાય તે યાદ રાખો.આ સુખી થવાનો માર્ગ છે.મધ્યરાત્રિએ વિદુર જી ધૃતરાષ્ટ્ર પાસે ગયા. ધૃતરાષ્ટ્ર જાગતા હતા. વિદુરજી ધૃતરાષ્ટ્રને પૂછે છે, કેમ ભાઈ, ઊંઘ આવતી નથી? પાંડવોને છોડી હવે યાત્રાએ નીકળો. ધૃતરાષ્ટ્ર કહે છે કે, ભત્રીજો બહુ વહાલો છે. મારી ખૂબ સેવા કરે છે. વિદુરજી કહે છે, હવે તને ભત્રીજો વહાલો લાગે છે, પણ તમે પાંડવો ને મારવા કેટલા પ્રયત્નો કર્યા હતા એ ભૂલી ગયા? એ તો ધર્મરાજા ધર્મની મૂર્તિ છે, તેથી તારા અપકાર નો બદલો ઉપકારથી વાળે છે. પણ હવે તમારા માથે કાળ છે. સમજીને ઘર છોડો તો સારું, નહીંતર કાળ ધક્કો મારશે એટલે ઘર છોડવું પડશે. ધૃતરાષ્ટ્ર કહે છે કે, ભાઈ, તારું કહેવું સાચું છે. પણ હું આંધળો છું. એકલો ક્યાં જાઉં? વિદુરજી કહે છે, અત્યારે જ તમને મારી જોડે લઈ જાઉં!પછી ધૃતરાષ્ટ્ર- ગાંધારીને વિદુરજી સપ્તસ્રોતસ તીર્થમાં લઈ આવ્યા. સવારે યુધિષ્ઠિર "ધૃતરાષ્ટ્રના મહેલ માં આવ્યા, પણ કાકા દેખાતા નથી. તેમણે સંકલ્પ કર્યો કે, કાકા-કાકીનો પત્તો ન લાગે, ત્યાં સુધી મારે પાણી પીવું નહીં. ધર્મી દુઃખી થાય છે તો સંત તેને ત્યાં આવે છે. ધર્મરાજાની પાસે તે વખતે નારદજી પધાર્યા. ધર્મરાજા તેને કહે છે, મારા પાપે મારા કાકા ચાલ્યા ગયા. વૈષ્ણવ તે છે જે સ્વદોષનો વિચાર કરે, બીજાના દોષનો નહીં. નારદજી સમજાવે છે કે, દરેક જીવ મરણને આધીન છે.કાકા જ્યાં જવાના ત્યાં તમારે પણ જવાનું છે. ધૃતરાષ્ટ્રને સદગતિ મળવાની છે, ચિંતા ન કરો. આજથી પાંચ દિવસ પછી કાકાની સદગતિ થશે. કાકાને માટે હવે રડશો નહીં. હવે તમારો વિચાર કરો. મરેલો પાછો આવતો નથી. જીવતો પોતા માટે રડે તે જ સારું. એક મરે તેના પાછળ બીજો રડે છે,પણ રડનારો એ સમજતો નથી કે, એ ગયો છે ત્યાં મારે પણ એક દિવસ જવાનું છે. તમારા માટે પણ હવે છ મહિના બાકી રહ્યા છે. આમ કહી નારદજી કહે છે, હું તમને સાવધાન કરવા આવ્યો છું. વિદુરજી ધૃતરાષ્ટ્રને સાવધાન કરવા આવ્યા હતા. હું તમને સાવધાન કરવા આવ્યો છું.છ મહિના પછી કળિયુગની શરૂઆત થશે. હવે તમે કોઈની ચિંતા ન કરો. તમે તમારી ચિંતા કરો. યુધિષ્ઠિરે ઘણા યજ્ઞો કર્યા. ભગવાન દ્વારિકા ગયા, ત્યારે અર્જુનને સાથે લઈ ગયા. પ્રભુને ઈચ્છા હતી કે, યદુકુળનો વિનાશ થાય તો સારું. યદુકુળનો વિનાશ થયો. યુધિષ્ઠિરે ભીમને કહ્યું, નારદજીએ કહ્યું હતું તે સમય આવ્યો હોય તેમ લાગે છે. મને કળિયુગની છાયા દેખાય છે. મારા રાજ્યમાં અધર્મ વધી ગયો છે. હું કાલે ફરવા ગયો હતો. લુહારને ત્યાં મેં એક યંત્ર જોયું. મેં તેને પૂછ્યું કે, આ શું છે? તેણે કહ્યું કે, એ તાળું છે. હવે લોકોને ત્યાં ચોરીઓ થવા લાગી છે. એટલે ઘરને તાળાં મારવાં પડે છે!હવે છ મહિના ઉપરની વાત કહું. એક વૈશ્યે બ્રાહ્મણને મકાન વેચાતું આપ્યું.તે મકાનના પાયામાં થી સોનામહોરો નીકળી. બ્રાહ્મણ તે લઈ શેઠ પાસે આવ્યો. શેઠ કહે કે, મેં મકાન તમને વેચ્યું છે,એટલે હવે મકાનમાંથી જે નીકળે તે તમારું એના પર મારો હક નથી.

### એક્ટ્રેસે મસ્ત અંદાજમાં પોતાનો બર્થ ડે સેલિબ્રેટ કર્યો

# તારક મહેતા કા ઉલટા ચશ્માના શોની સોનુએ ખરીદી નવી કાર

## તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં સોનુ ભિડેની ભૂમિકા નિભાવનાર પલક સિઘવાનીએ એક દિવસ પહેલાં ૨૬મો જન્મદિવસ મનાવ્યો



તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં સોનુ ભિડેની ભૂમિકા નિભાવનાર એક્ટ્રેસ પલક સિઘવાનીએ એક દિવસ પહેલાં ૨૬મો જન્મદિવસ મનાવ્યો. બર્થ ડેને ખાસ બનાવવા માટે પલક પોતે પોતાની જાતને ગિફ્ટ આપી છે. સોનુએ પોતે એક લક્ઝરી કાર ખરીદી છે. પલકે એક હેપ્પી વીડિયો બનાવ્યો છે. આ વીડિયોમાં પલક જણાવે છે કે આ બીજી કાર છે. વીડિયોમાં પલક સિધવાનીની કાર શોરૂમમાં પોતાની માતા અને ભાઈની સાથે કારમાં ઘરે લઈ જાય છે. આ સાથે બીજી અનેક વિધી કરતા તમે જોઈ શકો છો.પલક સિધવાનીએ જે વીડિયો શેર કર્યો છે એમાં તમે જોઈ શકો છો કે એ પેપર પર સાઈન કરી રહી છે. પોતાની ન્યૂ બ્રાન્ડ કારને અનવીલ કરી રહી છે. કારના બોનટ પર કેક કાટતી જોવા મળી રહી છે. ત્યારબાદ પલક પોતાની ફેમિલીની સાથે નવી કારમાં રાઈડ કરતા તમે જોઈ શકો છો.પલક સિઘવાનીએ વીડિયોમાં જણાવ્યુ છે કે આ એના માટે ખાસ ખરીદી હતી. આ સાથે જણાવ્યું છે કે મે બીજી કાર ખરીદી છે. બહુ મોંઘુ નહીં પરંતુ આ મારા માટે ખાસ છે. મારી માતા એક રુફટોપ કાર ઈચ્છતી હતી અને મારા પિતા એક કાર ઈચ્છતા હતા. હું મારા ભાઈને ખુશ કરવા ઈચ્છતી હતી.પેરેન્ટ્સની ખુશી માટે કાર ખરીદી પલક સિઘવાનીએ આગળ લખ્યુ છે કે જેમ-જેમ હું આજે એક વર્ષ મોટી અને સમજદાર થઈ એમ મને અહેસાસ થયુ કે મને સાચી ખુશી ત્યારે થઈ જ્યારે ફેમિલીને ખુશ જોવુ છું, આ હું જીવન ભર કરવા ઈચ્છુ છુ. મને આટલો પ્રેમ આપવા અને જન્મદિવસની શુભકામનાઓ આપવા બદલ યુનિવર્સનો ધન્યવાદ. ઉલ્લેખનીય છે કે પલક સિઘવાનીનો બર્થ ડે ૧૧ એપ્રિલે હતો. ત્યારે તારક મહેતા કા ઉલટા ચશ્મામાં સોનુની ભૂમિકા નિભાવી રહી છે. આ ત્રીજી એક્ટ્રેસ છે જે સોનુનું પાત્ર નિભાવી રહી છે. આ પહેલા નિધિ ભાનુશાલી અને ઝીલ મહેતાએ વર્ષો સુધી સોનુની ભુમિકા અને હાંસિલ કરી છે.



# સુશાંતના જવાની કોઈને પરવા નથી, દરેકને મસાલેદાર ગપસપ જોઈતી હતી



જૂન ૨૦૨૦માં સુશાંતનો મૃતદેહ તેના ઘરેથી મળી આવ્યો હતો. તે સમયે, તેમના મૃત્યુનું કારણ આત્મહત્યા હોવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ પાછળથી આ કેસમાં કોઈ અયોગ્ય રમતની શંકાને કારણે, આ કેસની તપાસ પહેલા મુંબઈ પોલીસને અને પછી સીબીઆઈને સોંપવામાં આવી હતી. હવે દિબાકરે કહ્યું છે કે આ આખા મામલામાં તેણે સુશાંતને ગુમ કરતું કોઈ જોયું નથી.'દરેક જણ ગપસપ શોધી રહ્યો હતો' દિબાકર બેનર્જીએ સિદ્ધાર્થ કન્નન સાથેની એક મુલાકાતમાં કહ્યું, 'જ્યારે તેમનું નિધન થયું ત્યારે તેમના મૃત્યુના કારણને લઈને સમાચારોમાં ઘણું બધું ચાલી રહ્યું હતું. મારે મારી જાતને દરેક વસ્તુથી દૂર કરવી પડી. હું બધું સાંભળતો હતો, પરંતુ કોઈને એવું કહેતા સાંભળ્યા નહોતા કે એક યુવાન અભિનેતાનું અવસાન થયું છે. મેં મારી આસપાસ કોઈને તેના માટે શોક કરતા જોયા નથી. હું જોઈ શકતો હતો કે લોકો મસાલેદાર ગપસપ શોધી રહ્યા હતા. તેથી મારે આ પરિસ્થિતિમાંથી દૂર થવું પડ્યું.પોતાની વાત આગળ વધારતા દિબાકરે કહ્યું, 'કોઈ એમ નહોતું કહેતું કે 'અમે સુશાંતને મિસ કરી રહ્યા છીએ.' કોઈ કહેતું નહોતું કે આઉટસાઈડર હોવા છતાં તેણે ટીવી પર કામ કર્યુ અને છેલ્લે ફિલ્મોમાં ડેબ્યુ કર્યુ. દરેક વ્યક્તિ માત્ર એક ષડયંત્ર વિશે અનુમાન લગાવી રહી હતી કે સુશાંતને કોણે ડ્રગ્સ આપ્યું અને કોણે તેની હત્યા કરી!'દિબાકરે સુશાંતના ચાહકોને પ્રશ્નો પૂછ્યા સુશાંતના ચાહકો અને નજીકના લોકોને પ્રશ્ન કરતાં દિબાકરે કહ્યું, 'શ્રદ્ધાંજલિ સભા ક્યાં યોજાઈ હતી?

# 'તારક મહેતા' ફેમ જેનિફરની બહેનનું નિધન

### તારા વિના જીવનની કલ્પના નથી કરી શકતી

શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'થી લાઈમલાઈટમાં આવેલી જેનિફર મિસ્ત્રી બંસીવાલે ખરાબ સમાચાર આપ્યા છે. તેની નાની બહેન ડિમ્પલનું અવસાન થયું છે. તે લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી ઝઝૂમી રહી હતી. જેનિફરે જણાવ્યું કે તેની બહેને ૧૩ એપ્રિલે અંતિમ શ્વાસ લીધા હતા.જેનિફરે ઈમોશનલ પોસ્ટ લખીને પોતાની બહેનને યાદ કરી છે. તેણે લખ્યું- મારી વહાલી બહેન ડિમ્પલ, તારા વિના જીવનની કલ્પના પણ કરી શકાતી નથી. લવ યુ. તારી યાદ સતાવે છે. તમે અમને શીખવ્યું કે જીવનની દરેક ક્ષણને કેવી રીતે ખુશખુશાલ અને હસીને જીવવું, પછી ભલે તે પરિસ્થિતિ ગમે તે હોય. તમારા આત્માને શાંતિ મળે. આ મુશ્કેલ ક્ષણોમાં ફેન્સ અભિનેત્રીને સાથ આપી રહ્યા છે. જેનિફરને મજબૂત રહેવા માટે કહેવામાં આવ્યું છે.હાલમાં જ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા જેનિફરે કહ્યું હતું કે તે પોતાના અંગત જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. તેણે તેની નાની બહેનની હેલ્થ અપડેટ આપી હતી. જણાવ્યું કે તે એકદમ ગંભીર છે. તેની હાલત ગંભીર છે. મુશ્કેલ સમયમાં તેની બહેનને ટેકો આપવા તે તેના વતન ગયો હતો. આ જ ઈન્ટરવ્યુમાં જેનિફરે તેના નાના ભાઈના મૃત્યુનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેણે જણાવ્યું કે છેલ્લા દોઢ વર્ષથી તેનું જીવન પરેશાનીઓમાંથી પસાર થઈ રહ્યું છે. તેના નાના ભાઈના અવસાન બાદ તે તેના માતા-પિતાના ઘરની ૭ છોકરીઓનું ધ્યાન રાખી રહી છે. આ દરમિયાન તારક મહેતા શોના નિર્માતા અસિત મોદી સાથે પણ તેનો કાનૂની કેસ ચાલી રહ્યો છે.વર્ક ફ્રન્ટ પર પણ જેનિફર બહુ કંઈ કરી શકતી નથી.

### અજય દેવગનની 'મૈદાન' માટે પગ જમાવવાનું અઘરું બન્યું

# અક્ષયની બદનસીબી યથાવતઃ ૩૦૦ કરોડની ફિલ્મ માંડ ૫૦ કરોડે



### પાછલા અઢી વર્ષથી અક્ષય કુમારની ફિલ્મો સતત ફ્લોપ જઈ રહી છે

બોલિવૂડમાં એક સમયે હિટ મશીન ગણાતા અક્ષય કુમારની ફિલ્મો પાછલા અઢી વર્ષથી સતત ફ્લોપ જઈ રહી છે. તેમના ચાહકોની સંખ્યા ભલે કરોડોમાં હોય, પરંતુ તેની અસર બોક્સઓફિસ પર જોવા મળતી નથી. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની બિગ બજેટ ફિલ્મ બડે મિયાં છોટે મિયાં પાંચ દિવસમાં બોક્સઓફિસ પર ખાસ કમાલ બતાવી શકી નથી. ફિલ્મનું કલેક્શન સતત ઘટી રહ્યું હોવાથી બજેટ જેટલી આવક મળવાનું પણ મુશ્કેલ જણાય છે. રૂ.૩૦૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મમાં દમદાર સ્ટારકાસ્ટ, મોંઘા સેટ્સ અને વીએફએક્સની મદદ લેવામાં આવી હતી. આમ છતાં આ ફિલ્મ ઓડિયન્સને ખુશ કરી શકી નથી, જેના કારણે છ દિવસમાં આ ફિલ્મ માટે રૂ.૫૦ કરોડનું કલેક્શન મેળવવાનું પણ અઘરું બન્યું છે. પાછલા બે દિવસનો રિસ્પોન્સ જોતાં આ ફિલ્મ રિલીઝના બીજા વીકમાં માંડ ૫૦ કરોડે પહોંચે તેવી શક્યતા છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ બંનેને હિટ ફિલ્મની જરૂર છે. બોલિવૂડના માનીતા એક્શન સ્ટાર્સની આ ફિલ્મને અલી અબ્બાસ ઝફરે ડાયરેક્ટ કરી છે. ઓડિયન્સને આકર્ષિત કરવા માટે ફિલ્મમાં માનુષી છિલ્લર, અલાયા એફ અને સોનાક્ષી સિન્હાને પણ મહત્ત્વના રોલ અપાયા હતા. પ્રભાસની ફિલ્મ સાલારમાં વિલન બનેલા પૃથ્વીરાજ સુકુમારનને બડે મિયાં છોટે મિયાંમાં વિલનનો રોલ અપાયો હતો. 'બડે મિયાં છોટે મિયાં'ની રિલીઝ પહેલા પ્રમોશન માટે ભરપૂર પ્રયાસ થયા હતા અને સોશિયલ મીડિયા પર અક્ષય-ટાઈગરના ચાહકોએ તો તેને બ્લોકબસ્ટર જાહેર પણ કરી દીધી હતી. જો કે ઓડિયન્સનો મિજાજ કંઈક અલગ હતો. માઉથ પબ્લિસિટીના અભાવમાં આ ફિલ્મ ધારી કમાણી કરી શકી નથી. સામાન્ય રીતે ઈદનો દિવસ સલમાન ખાનની ફિલ્મો માટે બુક રહેતો હોય છે, પરંતુ આ વર્ષે સલમાનની ફિલ્મ નહીં હોવાથી સલમાન સ્ટાઈલની જ એક્શન-મસાલેદાર મૂવી બડે મિયાં છોટે મિયાંને રિલીઝ કરવામાં આવી હતી. તહેવારની સાથે વીકેન્ડનો લાભ પણ તેને મળ્યો હતો. રિપોર્ટ્સ મુજબ, મંગળવાર સુધીમાં આ ફિલ્મે ૪૫.૫૫ કરોડનું કલેક્શન મેળવ્યું છે. રવિવારે ફિલ્મે રૂ.૯ કરોડનું કલેક્શન મેળવ્યું હતું, પરંતુ સોમવારે માંડ રૂ.૨.૫૦ કરોડ અને મંગળવારે ૨.૨૫ કરોડ મળ્યા હતા. ૧૨વીં ફેલ કે લાપતા લેડીઝની જેમ ઓછા બજેટમાં બનેલી ફિલ્મ માટે આટલું કલેક્શન પોઝિટિવ કહી શકાય, પરંતુ અક્ષય અને ટાઈગર જેવી સ્ટારકાસ્ટ સાથે રૂ.૩૦૦ કરોડમાં બનેલી ફિલ્મ માટે આ આંકડા નિરાશાજનક છે.

### રિલિઝ થાય તે પહેલા ઈબ્રાહિમને વધુ એક ફિલ્મ મળી

# જાન્હવી કપૂર અને મહિમા સાથે ઈબ્રાહિમ અલીનો પ્રણય ત્રિકોણ

### ઈબ્રાહિમ, જાન્હવી અને મહિમાએ રોમેન્ટિક કોમેડી સાઈન કરી છે






સૈફ અલી ખાન અને અમૃતા સિંહની દીકરી સારા અલી ખાને બોલિવૂડમાં પગ જમાવ્યા બાદ હવે દીકરા ઈબ્રાહિમ અલી ખાને પણ એક્ટિંગમાં ઝંપલાવ્યું છે. બોલિવૂડમાં ઈબ્રાહિમની પહેલી ફિલ્મ સરઝમીનનું શૂટિંગ પૂરું થઈ ગયું છે, પરંતુ હજુ રિલીઝ થઈ નથી. પહેલી ફિલ્મ થીયેટરમાં પહોંચે તે પહેલા ઈબ્રાહિમને વધુ એક ફિલ્મ મળી છે. આ ફિલ્મમાં જાન્હવી કપૂર અને મહિમા મકવાણા સાથે ઈબ્રાહિમનો પ્રણય ત્રિકોણ જોવા મળશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઈબ્રાહિમ, જાન્હવી અને મહિમાએ રોમેન્ટિક કોમેડી સાઈન કરી છે. ફિલ્મનું સ્ક્રિપ્ટિંગ અને કાસ્ટિંગ ફાઈનલ છે. ફિલ્મનું પ્રી-પ્રોડક્શન ટૂંક સમયમાં શરૂ થઈ જશે અને ત્યારબાદ આગામી વર્ષથી ફિલ્મને ફ્લોર પર લઈ જવાનો પ્લાન છે. આ ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી નથી, પરંતુ તેના ડાયરેક્ટર તરીકે શશાંક ખૈતાનની પસંદગી થઈ છે. ફિલ્મનું પ્લાનિંગ હજુ પ્રાથમિક તબક્કામાં છે, પરંતુ તેમાં બે હીરોઈન અને એક હીરોનો પ્રણય ત્રિકોણ જોવા મળે છે. 'મૈં તેરા હીરો'માં વરુણ ધવનનો પ્રણય ત્રિકોણ નરગિસ ફખરી અને ઈલિયાના ડીક્રૂઝ સાથે હતો. આ રોમેન્ટિક કોમેડીમાં ત્રણેય કેરેક્ટરને સમાન મહત્ત્વ અપાયુ હતું. રોમેન્ટિક કોમેડીનો અખતરો ફરી અજમાવવા માટે કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ અને મેડ્ડોકે હાથ મિલાવ્યા છે.



# કપિલનો કવ્વાલી પર ડાન્સ જોઈને નોરા ફતેહી શરમાઈ

મહિનાઓની રાહ જોયા પછી, કોમેડિયન કપિલ શર્મા ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો સાથે બધાને હસાવવા માટે પાછો ફર્યો છે. માત્ર આ વખતે સરનામું બદલાયું છે. હવે કપિલનો શો ટેલિવિઝનને બદલે ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર પ્રસારિત થાય છે. ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો શરૂ થયાને માત્ર બે અઠવાડિયા થયા છે, પરંતુ તેને દર્શકો તરફથી અપાર પ્રેમ મળવા લાગ્યો છે. કપિલનો શો આખી દુનિયામાં ટ્રેન્ડ કરી રહ્યો છે. કપિલ પણ તેના બદલામાં ફેન્સને સમાન પ્રેમ આપી રહ્યો છે અને બાકીની સામગ્રી તેની યુટ્યુબ ચેનલ પર શેર કરી રહ્યો છે. કપિલે એક નવો વીડિયો શેર કર્યો છે, જેમાં તેણે ડાન્સ કરીને બધાના હોશ ઉડાવી દીધા છે.કપિલ શર્મા ભારતના પ્રસિદ્ધ કોમેડિયન છે, તેનામાં માત્ર લોકોને હસાવવાની ક્ષમતા નથી, કપિલ એક સારો અભિનેતા અને ગાયક પણ છે. પણ હવે મને ખબર પડી કે તે પણ સુંદર ડાન્સ કરે છે. કપિલે તેની યુટ્યુબ ચેનલ પર જે વીડિયો શેર કર્યો છે તેમાં તે તુમ તો થારે પરદેસી ગીત ગાતો જોઈ શકાય છે. તેણે આખી ટીમ માટે કવ્વાલી સભાનું આયોજન કર્યુ છે. તેણે માત્ર કવ્વાલી જ નહીં ગાયું પણ અદ્ભુત ડાન્સ પણ કર્યો. કપિલના ડાન્સ મૂવ્સ જોઈને નોરા ફતેહી પણ શરમાઈ શકે છે. મતલબ કે કપિલે આવી નાજુકતાથી કમર નમાવી છે. જોવાની મજા આવી.૧૨ મિનિટના વીડિયોમાં કપિલ શર્મા કૃષ્ણા અભિષેક, સુનીલ ગ્રોવર અને અર્ચના પુરણ સિંહ સાથે ખૂબ જ મસ્તી કરતો જોવા મળ્યો હતો.

# 12th ફેલ ફિલ્મ ચીનના વીસ હજાર થીયેટર સ્ક્રિનમાં રિલીઝ થશે




ઓછા બજેટમાં બનેલી વિક્રાંત મેસ્સીની ફિલ્મ ૧૨વીં ફેલના દેશભરમાં વખાણ થઈ રહ્યા છે. વિક્રાંતની સાથે મેધા શંકરનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મને ચીનમાં રિલીઝ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. એક ઈવેન્ટ દરમિયાન વિક્રાંત મેસ્સીએ જણાવ્યું હતું કે, ચીનમાં હિન્દી ફિલ્મોની પુષ્કળ માગ રહેતી હોય છે. ચીનના ઓડિયન્સને હિન્દી ફિલ્મો ગમે છે. તેથી '૧૨વીં ફેલ'ને ચીનમાં ૨૦,૦૦૦ સ્ક્રિનમાં રિલીઝ કરવામાં આવશે. વિક્રાંત મેસ્સીએ પોતાની ફિલ્મને મોટા પાયે ચીનમાં રિલીઝ કરવાના આયોજન સંદર્ભે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. અગાઉ આમિર ખાનની ફિલ્મો દંગલ, સીક્રેટ સુપરસ્ટાર અને પીકે ચીનમાં રિલીઝ થઈ હતી અને આ તમામ ફિલ્મો સારો બિઝનેસ કર્યો હતો. રિપોર્ટ્સ મુજબ, દંગલને ૧૯૬,૮૯ મિલિયન ડોલર, સીક્રેટ સુપર સ્ટારને ૧૧૮.૨૪ મિલિયન ડોલર અને પીકેને ૧૧૬.૬ મિલિયન ડોલરની આવક થઈ હતી. વિધુ વિનોદ ચોપરાએ બનાવેલી '૧૨વીં ફેલ'ને ઓડિયન્સ અને ક્રિટિક્સ તરફથી ભરપૂર વખાણ મળી રહ્યા છે. આ ફિલ્મની રિલીઝને ૨૫ અઠવાડિયા પૂરા થઈ રહ્યા છે ત્યારે તેને ચીનમાં મોટા પાયે રિલીઝ કરવાનું આયોજન છે. આમિર ખાનની ફિલ્મો જેવી મોટી સફળતા મેળવવામાં આ લો બજેટ ફિલ્મ સફળ રહે છે કે નહીં તેના પર સૌની નજર છે.

### અમિતાભ બચ્ચને ફરી કહ્યું, દેવીયોં ઔર સજ્જનો...

# કૌન બનેગા કરોડપતિની ૧૬મી સિઝનનું પ્રમોશન શરૂ થઈ ગયું

### અમિતાભ બચ્ચનની દરેક ફિલ્મની જેમ 'કૌન બનેગા કરોડપતિ'ની પણ ચાહકો ઘણી આતુરતાથી રાહ જોવે છે




અમિતાભ બચ્ચનની દરેક ફિલ્મની જેમ 'કૌન બનેગા કરોડપતિ'ની પણ આતુરતાથી રાહ જોવાતી હોય છે. અમિતાભ બચ્ચનના ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ'ની ૧૫ સિઝન આવી ચૂકી છે. ત્યારબાદની સિઝનમાં અમિતાભ બચ્ચન ન દેખાય તેવી શક્યતા હતી. જો કે અમિતાભ બચ્ચનને ૧૬મી સિઝનના આગમનની જાહેરાત કરી દીધી છે. નવી સિઝન માટે રજિસ્ટ્રેશનની તારીખો અંગે વાત કરતાં અમિતાભ બચ્ચને પ્રોમો શેર કર્યો છે. અમિતાભ બચ્ચનની દરેક ફિલ્મની જેમ 'કૌન બનેગા કરોડપતિ'ની પણ ચાહકો ઘણી આતુરતાથી રાહ જોવે છે, સોશિયલ મીડિયા પર શેર થયેલા આ પ્રોમોમાં અમિતાભ બચ્ચને જણાવ્યું હતું કે, કૌન બનેગા કરોડપતિ ૧૫ને ભારે મનથી અલવિદા કહ્યું હતું. આમ કરવાનું ઘણું કઠિન હોય છે. જો કે કૌન બનેગા કરોડપતિ ૧૬નું રજિસ્ટ્રેશન ૨૬ એપ્રિલે રાત્રે ૯થી શરૂ થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમિતાભ બચ્ચન પાછલા બે દાયકાથી ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ' સાથે જોડાયેલા છે. આ શોની ત્રીજી સિઝનને શાહરૂખ ખાને હોસ્ટ કરી હતી. તે સિવાયની દરેક સિઝનમાં અમિતાભ બચ્ચને જ 'દેવીયોં ઔર સજ્જનો' સંબોધન સાથે ઓડિયન્સને જકડી રાખ્યું છે. ૧૬મી સિઝનનું પ્રમોશન શરૂ થતાં અમિતાભ બચ્ચનના અવાજમાં આ સંબોધન ફરી સાંભળવા મળતાં ઓડિયન્સમા ઉત્સુકતા જોવા મળે છે.

# જમાલપુરની એફ.ડી. મહિલા કોલેજની ૫૦૦થી વધુ વિદ્યાર્થિનીઓએ અચૂક મતદાનના શપથ લીધા

### જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ શહેર દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રથમવાર મતદાન કરનાર વિદ્યાર્થિનીઓને મતદાન અંગે જાગૃત કરવામાં આવી



। અમદાવાદ, તા.૧૯ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર દ્વારા મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર શ્રી રોહિત ચૌધરીના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત અમદાવાદના જમાલપુરની એફ. ડી મહિલા કોલેજની પ્રથમવાર મતદાન કરનાર ૫૦૦થી વધુ વિદ્યાર્થિની બહેનોને મતદાન જાગૃતિની સમજ આપવામાં આવી હતી તેમજ લોકશાહીમાં તેમના મતનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

સ્વિપ મદદનીશ નોડલ, અમદાવાદ શહેર શ્રી ડૉ. એમ.આર. કુરેશી અને શ્રી ડી.એચ.અમીન દ્વારા મતદાન અંગેની સમજ આપવામાં આવી હતી તેમજ અચૂક મતદાન કરવા અંગેના શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા. કોલેજના આચાર્યશ્રી અને સ્ટાફ દ્વારા પણ વિદ્યાર્થીઓને અવશ્ય મતદાન કરવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

# મનોદિવ્યાંગજનો ની વૈષ્ણોદેવી દર્શન ની હેલીકોપ્ટર યાત્રા...ચૈત્રી નવરાત્રી ઉજવી વર્લ્ડ રેકોર્ડ ઇનડિયા સ્થાન



। અમદાવાદ, તા.૧૯ ।

નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે ૩૫ જેટલા મનોદિવ્યાંગજનો અને એમના વાલીઓ સહ ૯૫ વ્યક્તિ ઓને જમ્મુ સ્થિત માં વૈષ્ણોદેવી નાં દર્શનાર્થે તા.૧૫ એપ્રિલ ને સાતમા નોરતે માતારાની નાં દર્શન હેલીકોપ્ટર ધ્વારા કરાવાયા. સૌ મનોદિવ્યાંગ લાભાર્થીઓ પ્રથમ વખત હેલીકોપ્ટર માં બેઠા હતા. પ્રથમ વખત થયેલ આવી હેલીકોપ્ટર ધ્વારા દર્શન યાત્રા ને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા માં સ્થાન મળેલ છે. આ સિવાય વિદ્યાર્થીઓ ને શિવખોડી અને પટનીટોપ ફરવા માટે પણ લઈ જવા માં આવ્યા હતા.

સંસ્થા નાં વિદ્યાર્થીઓ એમની આ યાત્રા ને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા બુક માં મળેલ સ્થાન થી ગર્વ ની લાગણી અનુભવે છે.

### ભરૂચ જિલ્લાના નારાજ કોંગ્રેસ આગેવાનોએ ચૈતર વસાવાને સમર્થન જાહેર કર્યું

# ભરૂચના કોંગ્રેસ આગેવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ચૈતરભાઈ વસાવા આગામી લોકસભા ચૂંટણી ચોક્કસ જીતશે

### રાજપૂત છાત્રાલય ખાતે પૂર્વ પ્રમુખ પરિમલસિંહ રણા, સંદીપ માંગરોલા, સુલેમાન પટેલ સહિતના કોંગ્રેસ આગેવાનોએ ચૈતર વસાવા સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી પોતાનું સમર્થન આપ્યું



તસ્વીર : દીપક જગતાપ, રાજપીપળા

। (પ્રતિનિધી) રાજપીપળા, તા.૧૯ ।

ઈન્ડિયા ગઠબંધનની રચના બાદ ગુજરાતમાં બે લોકસભા સીટો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારોની જાહેરાત થઈ હતી. ભરૂચ લોકસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૈતરભાઈ વસાવાનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. શરૂઆતથી જ કોંગ્રેસ પાર્ટી તરફથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતરભાઈ વસાવાને ખુબ જ સમર્થન આપવામાં આવ્યું હતું, પરંતુ સાથે સાથે કોંગ્રેસમાં ભરૂચ જિલ્લાના કેટલાક સિનિયર આગેવાનોએ ચૈતરભાઈ વસાવાને સમર્થન આપ્યું ન હતું અને એક માંગણી સાથે નારાજગી કરી હતી કે ચૈતરભાઈ વસાવા કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી ચિન્હ હેઠળ ચૂંટણી લડે.

પરંતુ આજે અચાનક ભરૂચ કોંગ્રેસ નેતા સંદીપ માંગરોલાએ પલ્ટી મારીહતી અગાઉ આપ ગઠ બંધનસામેનારાજગી વ્યક્ત કરનાર સંદીપ માંગરોલા ચૈતર વસાવાના સમર્થન નમા આવી જતા આશ્ચર્ય સર્જાયું હતું.

કોંગ્રેસના આ નારાજ આગેવાનો દ્વારા ચૈતરભાઈ વસાવા સાથે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં કોંગ્રેસના આગેવાનોએ વિવાદનો અંત લાવીને ચૈતરભાઈ વસાવાને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. રાજપૂત છાત્રાલય ખાતે પૂર્વ પ્રમુખ પરિમલસિંહ રણા, સંદીપ માંગરોલા, સુલેમાન પટેલ સહિતના આગેવાનોની સંયુક્ત પત્રકાર પરિષદ યોજાઈ હતી. જ્યાં આગામી દિવસોમાં ગામે ગામ ચૈતર વસાવા સાથે ખભેથી ખભો મિલાવીને મહેનત કરવાની બાહેધરી આપી હતી. આ સાથે જ તેમણે વિશ્વાસ પણ વ્યક્ત કર્યો કે ચૈતરભાઈ વસાવા આગામી લોકસભા ચૂંટણી ચોક્કસ જીતી જશે.

# અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર શ્રી પુનિત યાદવે MCMC, સિંગલ વિન્ડો સિસ્ટમ સહિત ચૂંટણીને લગતા વિવિધ સેલની મુલાકાત લીધી

### MCMC કમિટી દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા પર રાખવામાં આવતી વોચ તથા અન્ય કમિટીઓની કામગીરી નિહાળી ઓબ્ઝર્વરશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત આગામી તારીખ ૭મી મે-૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિર્ભય વાતાવરણમાં યોજાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા આઈ.એ.એસ. અધિકારીશ્રી પુનિત યાદવની અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર તરીકે નિમણૂક કરવામાં આવી છે. અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠ-કના જનરલ ઓબ્ઝર્વર શ્રી પુનિત યાદવે આજે અમદાવાદ કલેકટર કચેરી ખાતે ચૂંટણીને લગતી કામગીરી માટે કાર્યરત MCMC સેલ, ફરિયાદ નિવારણ કંટ્રોલ રૂમ, સોશિયલ મીડિયા અને સિંગલ વિન્ડો સિસ્ટમની કામગીરી નિહાળી આ કામગીરી કેવી રીતે કરવામાં આવે છે તેની પ્રત્યક્ષ જાણકારી મેળવી હતી. લોકસભાની ચૂંટણીમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં આવતા પેઈડ ન્યૂઝ અને આચારસંહિતા ભંગને લગતી બાબતો પર સતત વોચ રાખવા માટે અમદાવાદમાં કલેકટર કચેરી ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરિંગ સેન્ટરમાં વિવિધ ચેનલો પર સતત દેખરેખ રાખવામાં આવે છે. જેમાં સ્થાનિક, રાજ્ય લેવલ તેમજ રાષ્ટ્રીય સ્તરની ન્યૂઝ ચેનલમાં અમદાવાદ જિલ્લાને લગતી ચૂંટણીલક્ષી બાબતો પર ખાસ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આદર્શ આચારસંહિતાનો ભંગ કરતી હોય તેવી બાબતો



પર ચાંપતી નજર રાખવામાં આવે છે. કલેક્ટર કચેરી ખાતે ચૂંટણીને લગતી ફરિયાદોના નિવારણ માટે કાર્યરત કંટ્રોલ રૂમ, સોશિયલ મીડિયા પર વોચ રાખવા માટે સોશિયલ મીડિયા સેલ અને ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષોને રેલી, સભા, સરઘસ, વાહન વગેરે માટે એક જ જગ્યાએ વિવિધ પ્રકારની મંજૂરીઓ મળી રહે તે માટે સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત છે. આ તમામ જગ્યાએ ચૂંટણી તંત્રના કર્મચારીઓ દ્વારા કેવી રીતે કામગીરી કરવામાં આવે છે, તેની ઓબઝર્વરશ્રીએ વિગતવાર માહિતી મેળવીને કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

જનરલ ઓબઝર્વરશ્રીની મુલાકાત પ્રસંગે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર, સહાયક માહિતી નિયામક શ્રી રેસુંગ ચૌહાણ, ચૂંટણી મામલતદાર શ્રી અશોક પરમાર સહિત અધિકારીઓ અને આ કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ આવેલા ફિલ્મ 'રઝાકાર'ના કલાકારો મકરંદ દેશપાંડે, તેજ સપ્રુ એ સરદાર પટેલનું યોગદાન અમૂલ્ય બતાવ્યું



। અમદાવાદ, તા.૧૯ ।

ભારતની આઝાદી સમયે હૈદરાબાદમાં થયેલા નરસંહાર અને દેશને એક કરવા માટે લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના અવિસ્મરણીય યોગદાન પર આધારિત ફિલ્મ "રઝાકાર ધ સાયલન્ટ જેનોસાઈડ ઓફ હૈદરાબાદ" ૨૬મી એપ્રિલે સમગ્ર ભારતમાં રિલીઝ થઈ રહી છે. હિન્દીની સાથે આ ફિલ્મ મોટા પડદા પર તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમમાં પણ રિલીઝ થશે. ફિલ્મના મુખ્ય કલાકારો મકરંદ દેશપાંડે, તેજ સપ્રુ, રાજ અર્જુન, અભિનેત્રી અનુશ્રિયા ત્રિપાઠી સાથે ફિલ્મના નિર્માતા ગુદુર નારાયણ રેડ્ડી ખાસ સ્ક્રીનીંગ માટે અમદાવાદ આવ્યા હતા અને મીડિયા સાથે વાતચીત કરી હતી. અમદાવાદ પહેલા ફિલ્મની ટીમ વડોદરામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ ગઈ હતી જ્યાં સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા આવેલી છે.

રઝાકાર ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી રહેલા અભિનેતા મકરંદ દેશપાંડેએ કહ્યું કે 'રઝાકાર ધ સાયલન્ટ જેનોસાઈડ ઓફ હૈદરાબાદ' એક સિનેમા છે જે દરેક ભારતીયે જોવી જોઈએ. આ ફિલ્મ દેશના 'લોખંડી પુરુષ' સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત છે. ગુજરાતમાં જન્મેલા સરદાર પટેલ દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ભારતના પ્રથમ ગૃહમંત્રી પણ હતા. તેમણે બ્રિટિશ શાસન દરમિયાન અનેક મોટા આંદોલનોનું નેતૃત્વ પણ કર્યુ અને આઝાદી પછી તેમના પ્રયાસોને કારણે અનેક રજવાડાઓને એક કરી ભારતમાં સામેલ કરવામાં આવ્યા. હૈદરાબાદને ભારતમાં ભેળવવામાં તેમનું યોગદાન અમૂલ્ય હતું જેને કોઈ ભારતીય ક્યારેય ભૂલી શકશે નહીં.

# અમદાવાદ જિલ્લાની ૫૭૧ શાળાઓના વિદ્યાર્થીઓના ૨,૭૦,૦૦૦ વાલીઓ, ૨૧૭૮ સ્થાનિકો અને ૩૪૪૦ શિક્ષકો મતદાન સંકલ્પ વેબીનારમાં સહભાગી થયા

### જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓના વાલીઓમાં મતદાન જાગૃતિ માટે આયોજન

। અમદાવાદ, તા.૧૯ ।

લોકસભા સામાન્ય ચૂંટણીની જાહેરાત થવા સાથે ગુજરાત સહિત દેશભરમાં આદર્શ આચારસંહિતાના અમલીકરણની સાથોસાથ સ્વિપ (SVEEP) પ્રવૃત્તિઓ અંતર્ગત મતદાન જાગૃતિ માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓના ગામોમાં ગ્રામ્યજનો અને વિદ્યાર્થીઓને મતદાન અંગે જાગૃત કરીને લોકશાહીના પર્વમાં સહભાગી બનાવવા વધુને વધુ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. આવા જ એક અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાની શાળાઓમાં મતદાન સંકલ્પ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓના વાલીઓમાં મતદાન જાગૃતિ માટે વેબીનાર આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લાના વિરમગામ, દેત્રોજ, દસ્ક્રોઇ, ધંધુકા ધોળકા, બાવળા સહિતના તાલુકાઓની સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ મળીને કુલ ૫૭૧ શાળાઓમાં વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં



૨,૭૦,૦૦૦ વાલીઓ, ૨૧૭૮ સ્થાનિકો અને ૩૪૪૦ શિક્ષકો/આચાર્યોએ ભાગ લીધો હતો.

વેબીનાર અંતર્ગત વિદ્યાર્થીઓના વાલીઓમાં તથા સ્થાનિકો અને શિક્ષકોમાં વર્ચ્યુઅલ માધ્યમથી મતદાન જાગૃતિ ફેલાવવામાં આવી હતી. સૌ વાલીઓ અચૂક મતદાન કરે તે માટે મતદાન સંકલ્પ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવ્યા હતા. સાથે જ, વાલીઓ અને શિક્ષકો અન્ય નાગરિકોને પણ મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરે તે અંગે તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# રાજકોટમાં હમીર રાઠોડનો આરોપી પોલીસ પકડથી દૂર

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટમાં માલવિયનગરમાં પાડોશીઓ વચ્ચે થયેલા ઝઘડાને કારણે પોલીસ આવતાં તેને સમજાવવા ગયેલા યુવાનને પોલીસે ઉઠાવી લઈ ગઈ હતી બાદમાં માર મરાતા હમીર રાઠોડનું મોત થયાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો. અનુસંધાને માલવિયનગર પોલીસે ASI અશ્વિન કાનગડ વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસે આરોપીના વતન જસાપુરમાં દરોડા પાડ્યા છે. આરોપી હજુ પોલીસ પકડથી દૂર છે. માલવિયનગર પોલીસ મથકના CCTV કબ્જે કરાયા છે. આંબેડકરનગરમાં ભોગ બનનાર હમીર રાઠોડને પડોશી સાથે ઝઘડો થતાં પોલીસ તેને ઉઠાવી લઈ ગઈ હતી બાદમાં પરિવાર માલવિયનગર પોલીસ મથકે ગયા હતા. જ્યાં તેઓ અર્ધબેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. પરિવારને હમીર રાઠોડને ઢોર માર મારવામાં આવ્યો છે તેવું જણાતાં તેમને ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તબીબે હેમરેજ હોવાનું કહેતા પરિવારના સભ્યો રોષે ભરાઈ માલવિયનગર પોલીસમાં હત્યા કરવાના આરોપસર અજાણ્યા પોલીસ સામે ફરિયાદ નોંધાવી હતી. બાદમાં ખાનગી હોસ્પિટલમાં હમિરભાઈ રાઠોડનું સારવાર દરમિયાન મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો.

# અમદાવાદ સાયબર ક્રાઈમે લોકોને ફસાવનાર સાયબર ગઠિયા ગેંગનો પર્દાફાશ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

સાયબર ગઠિયાઓ લોકોને પોતાની જાળમાં ફસાવવા કોઈપણ રીતના અલગ અલગ નુસખાઓ અપનાવી રહ્યા છે અને લોકો પાસેથી પૈસા પડાવી રહ્યા છે. અમદાવાદ સાઈબર ક્રાઈમમાં એક અલગ પ્રકારની ફરિયાદ નોંધાય છે જેમાં કંપનીમાં થી દવાનો ઓર્ડર કરી કેન્સલ કર્યો હોય અને ત્યારબાદ ખરાબ રીવ્યુ આપેલા હોવાનું કહી લોકો પાસેથી છેતરપિંડી કરતી ગેંગ પકડાઈ છે. અમદાવાદમાં થોડા દિવસ પહેલા અમદાવાદ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ હતી.

જેમાં ફરિયાદીને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે તે સાયબર ક્રાઈમનાં પીએસઆઈ હેમંતસિંહ વાત કરે છે અને ફરિયાદીએ અર્બન મેટ્રો કંપનીમાં એક દવાનો ઓર્ડર કર્યો હતો જે બાદ તે ઓર્ડરને ફરિયાદીએ રિજેક્ટ કર્યો હતો અને તેના વિશે રીવ્યુમાં ખરાબ પ્રતિભાવો આપેલા હતા. જેથી અર્બન મેટ્રો કંપનીએ ફરિયાદી ઉપર કેસ કર્યો હોવાનું જણાવવામાં આવ્યું હતું. જે બાદ ફરિયાદીને મોબાઈલ પર એક ખોટી નોટિસ પણ આપવામાં આવી હતી અને જણાવવામાં આવ્યું હતું કે તેઓ જો સમાધાન કરવા માંગતા હોય તો ૩૦,૦૦૦ રૂપિયા દંડ ભરવો પડશે અથવા તો ત્રણ મહિનાની જેલની સજા ભોગવી પડશે. જે નંબર પરથી ફરિયાદીને ફોન આવ્યો હતો તેમાં પીએસઆઈનો ફોટો પણ રાખવામાં આવ્યો હતો. જોકે ફરિયાદીને શંકા જતા તેણે સાયબર ક્રાઈમનો સંપર્ક કર્યો હતો તો જાણવા મળ્યું કે હેમંતસિંહ નામના કોઈ પીએસઆઈ સાઈબર ક્રાઈમમાં ફરજ બજાવતા નથી. જેના આધારે ફરિયાદીએ અમદાવાદ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી અને ફરિયાદના આધારે સાયબર ક્રાઈમે બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ફરિયાદના આધારે અજય ઉર્ફે અજજુ વર્મા અને હિમાંશુ પરમારની ધરપકડ કરી છે. પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી અજય મૂળ યુપીનો છે અને હાલ અમદાવાદમાં રહે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય. આજે ઑફિસમાં તમે જે કામ કરી રહ્યા છો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવાની સલાહ લો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. વૅબ ડિઝાઈનર્સ માટે સારો દિવસ. તમારા ઝળકવાની શક્યતા છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો?



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો.

# બ્રાઉન સુગરની દાણચોરી કરતા ચાર દાણચોરોની ધરપકડ કરાઈ



। (એજન્સી) રાંચી, તા.૧૯ ।

ઝારખંડની રાજધાની રાંચીમાં પોલીસે બ્રાઉન સુગરની દાણચોરી કરતા સગીર સહિત ચાર દાણચોરોની ધરપકડ કરી છે. પોલીસે ગુપ્ત બાતમી મળતાં આ કાર્યવાહી કરી હતી અને તસ્કરોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી લગભગ ૧૭ ગ્રામ બ્રાઉન સુગર મળી આવી હતી. જેની કિંમત ૧.૫ લાખ રૂપિયાની આસપાસ હોવાનું કહેવાય છે. આ અંગે સિટી એસપીએ જણાવ્યું હતું કે, જપ્ત કરાયેલી બ્રાઉન સુગરની એફએસએલ ટીમ દ્વારા તપાસ કરવામાં આવશે મળતી માહિતી મુજબ, નાયબ પોલીસ અધિક્ષકના નેતૃત્વમાં દરોડા માટે એક ટીમ બનાવવામાં આવી હતી. ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી અને ખેલગાંવની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી. પોલીસ રામ દયાલ મુંડા કલા કેન્દ્રમાં પહોંચતા જ ત્રણ યુવકો ભાગવા લાગ્યા હતા. આ જોઈને પોલીસને શંકા ગઈ અને તેનો પીછો કરીને તેને પકડી લીધો. તેમની તલાશી લેતા તેમની પાસેથી બ્રાઉન સુગર મળી આવી હતી. ધરપકડ કરાયેલા યુવકોમાં સુમન કુમાર, હૃષિકેશ કુમાર પહાન અને અભિષેક રંજનનું નામ સામેલ છે. રાંચી સિટી એસપી રાજકુમાર મહેતાએ જણાવ્યું કે સુમન કુમારની ઉંમર લગભગ ૨૬ વર્ષ છે. તે કોકરના આદર્શ નગરનો રહેવાસી છે. હૃષીકેશ કુમાર પહાન માત્ર ૧૯ વર્ષનો છે. તે હોમ્બાઈ બસ્તી, બીઆઈટી મેસરાનો રહેવાસી છે. જ્યારે અભિષેક રંજન માત્ર ૧૯ વર્ષનો છે. તે દીપાટોલીનો રહેવાસી છે. પોલીસે ત્રણેયની ખેલગાંવ નજીકથી ધરપકડ કરી છે. સીટી એસપીએ જણાવ્યું હતું કે આ તસ્કરો આંતરરાજ્ય ગેંગ સાથે જોડાણ ધરાવતા હોવાની આશંકા છે. ખેલગાંવ પોલીસ સ્ટેશનમાં કેસ નંબર ૩૫/૨૦૨૪ નોંધવામાં આવ્યો છે અને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. સીટી એસપીએ જણાવ્યું કે તેમની સાથે એક સગીર પણ હતો. રેઈડ ટીમમાં ડીએસસી સદર, સ્ટેશન ઈન્ચાર્જ ચંદ્રશેખર સિંહ, એએસઆઈ અનિલ હંસદા, એએસઆઈ યુધિષ્ઠિર મહતો, કોન્સ્ટેબલ શૈલેન્દ્ર કુમાર અને સાત્વિક કુમાર સામેલ હતા.

## રજનીકાંતથી લઈને કમલ હાસન સુધીના સ્ટારોએ કર્યું મતદાન



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

મતદાનના પ્રથમ તબક્કામાં ઘણા સ્ટાર્સ અને મોટા નેતાઓએ પણ વિવિધ રાજ્યોની લોકસભા સીટો પર જઈને લોકશાહીના આ તહેવારમાં ભાગ લીધો હતો. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા હેઠળ મતદાન ચાલી રહ્યું હતું. પ્રથમ તબક્કામાં, લગભગ ૧૬ કરોડ ૬૩ લાખ મતદારો ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા બેઠકો માટે તેમના નવા સાંસદને પસંદ કરવા માટે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સુપરસ્ટાર રજનીકાંતે શુક્રવારે ચેન્નાઈના એક મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો. ફેમસ એક્ટર સ્ન્દ્ર પાર્ટી ચીફ કમલ હાસન પણ શુક્રવારે પોતાનો વોટ આપવા માટે ચેન્નાઈના એક પોલિંગ બૂથ પર પહોંચ્યા હતા. દક્ષિણના પ્રખ્યાત અભિનેતા વિજય સેતુપતિએ શુક્રવારે ચેન્નાઈના એક મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો. તમિલ સિનેમાના પ્રખ્યાત અભિનેતા ધનુષે પણ ચેન્નાઈના એક મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો. અભિનેતા અજિત કુમાર તેમના પરિવાર સાથે ચેન્નાઈના મતદાન કેન્દ્ર પર મતદાન કરવા પહોંચ્યા હતા. અભિનેતા શિવ કાર્તિકેયને શુક્રવારે ચેન્નાઈમાં મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો. અભિનેતા અને તમિલગા વેત્રી કઝગમના પ્રમુખ વિજયે ચેન્નાઈના નીલંકરાઈમાં મતદાન મથક પર પોતાનો મત આપ્યો.

## ૨૬ વર્ષીય કોલ ગર્લની ડેડબોડી મળ્યાંનો ભેદ ખુલ્યો

। (એજન્સી) ભોપાલ,તા.૧૯ ।

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં રુવાંડા ઊભી કરી દેતી એક ઘટના સામે આવી છે. ભોપાલના શાહપુરમાં હોટલમાંથી ૨૬ વર્ષીય કોલ ગર્લની ડેડબોડી મળ્યાંનો ભેદ ખુલી ગયો છે. કોલ ગર્લને કોણે અને કેમ મારી તેને લઈને પોલીસે ખુલાસો કરી દીધો છે. આ ઘટનાનો ખુલાસો કરતાં પોલીસે કહ્યું કે અહીના રિતુલ પાન્ડે નામના યુવાનને તેના પિતાએ ઘરની બહાર કાઢી મૂક્યો હતો અને આથી તે હોટલમાં ઉતર્યો હતો. તે ગાંજા અને માદક દ્રવ્યોનો બંધાણી હતો. હોટલમાં આવ્યાં બાદ રિતુલે કલરમાં ભેળવવામાં આવતાં થીનરનો નશો કર્યો હતો. નશો કર્યા બાદ તેણે હોટલ સ્ટાફ પાસે કોલ ગર્લ બોલાવાની માગ કરી હતી ત્યાર બાદ ૨૬ વર્ષીય એક કોલ ગર્લની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શનિવારે રાતે કોલ ગર્લ અને રિતુલ ઈન્ટીમેટ થવા લાગ્યાં હતા પરંતુ કોલ ગર્લને તરત ખબર પડી કે રિતુલ નપુંસક છે અને તરત ત્યાંથી બહાર નીકળી જવા લાગી પરંતુ નશામાં રહેલા રિતુલે તેને પકડી રાખી અને ગુસ્સામાં તેના પ્રાઈવેટ પાર્ટમાં હાથ નાખી દેતા તેને ભારે રક્તસ્ત્રાવ થયો હતો જેને કારણે તેનું મોત થયું હતું. છોકરીને મૃત જોતાં રિતુલ ભાગી ગયો હતો. પોલીસે આ કેસમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓમાં કૃણાલનો પણ સમાવેશ થાય છે, જે હોટલનો ભૂતપૂર્વ કર્મચારી હતો. તે હોટલમાં રહેતા લોકો માટે કોલ-ગર્લ્સની વ્યવસ્થા કરતો હતો. ધરપકડ કરાયેલો બીજો વ્યક્તિ બહાદુર છે, જે કોલ ગર્લ્સને હોટલમાંથી તેમના ઘરે મૂકવા જતો હતો. ત્રીજો આરોપી એક મહિલા મહેક યાદવ છે, જે સેક્સ રેકેટ ચલાવતી હતી, અને ગ્રાહકો સાથેના સોદાને આખરી ઓપ આપતી હતી.

### ટોળકી લોકોને છેતર્યા બાદ પોતાની જગ્યા બદલી લેતી હતી

## અમેરિકી ડોલર આપવાના નામે છેતરપિંડી કરતા પાંચ બાંગ્લાદેશીઓની ધરપકડ કરી

### ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના કૌશામ્બીમાંથી એક મહિલા સહિત પાંચ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે



। (એજન્સી) બુલંદશહેર, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના કૌશામ્બીમાંથી એક મહિલા સહિત પાંચ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. એજન્સી અનુસાર, પોલીસે જણાવ્યું કે ધરપકડ કરાયેલા લોકોએ અડધા ભાવે અમેરિકન ડોલર આપવાનું વચન આપીને લોકોને છેતર્યા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું કે ધરપકડ કરાયેલા પાંચ લોકો પાસેથી યુએસ ડોલરના પાંચ નકલી બંડલ, પાંચ આધાર કાર્ડ, ત્રણ પાન કાર્ડ, ૧૭ સિમ કાર્ડ અને ૧૫ મોબાઈલ ફોન મળી આવ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે સાબીર, અબ્દુલ રહીમ, અમન, નવીન શેખ અને રુખસાના (૩૨), ઢાકા, બાંગ્લાદેશના રહેવાસીઓને ચેકિંગ દરમિયાન શંકાના આધારે ધરપકડ કરવામાં આવી હતી, તેમની પાસેથી ડોલરના કેટલાક બંડલ મળી આવ્યા હતા.ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી), ટ્રાન્સ હિંડન, નિમિષ પાટીલે જણાવ્યું હતું કે તેઓ કોરા કાગળોના પેકેટ બનાવી રહ્યા હતા અને આ બંડલ્સની ઉપર અને નીચે ડોલર મૂકી રહ્યા હતા. તેણે જણાવ્યું કે આ ટોળકી નિર્દોષ લોકોને અડધી કિંમતે ડોલર આપવાની લાલચ આપીને છેતરતી હતી. પોલીસે જણાવ્યું કે આ ટોળકી લોકોને છેતર્યા બાદ તેનું લોકેશન બદલી લેતી હતી. ડીસીપીએ જણાવ્યું કે હાલમાં તે કૌશામ્બી પોલીસ સ્ટેશન વિસ્તારના ભોપુર ગામમાં ભાડાના રૂમમાં રહે છે. અગાઉ તેઓ બુલંદશહેર જિલ્લાના સિકંદરાબાદ શહેરમાં રહેતા હતા.પોલીસે જણાવ્યું કે આ ટોળકીએ જુદા જુદા શહેરોમાં ૧૦૦ થી વધુ નિર્દોષ લોકોને છેતર્યા છે.

## EPFO ના નિયમોમાં કરવામાં મોટો ફેરફાર આવ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

EPFO દ્વારા આ મામલે પરિપત્ર જાહેર કરી માહિતી આપી છે EPFO એ ફોર્મ ૩૧ હેઠળ નાણાં ઉપાડવાની મર્યાદામાં વધારી ને બમણી કરી છે જે પહેલા ૫૦ હજાર રૂપિયા ની મર્યાદા હતી તે વધારીને ૧ લાખ રૂપિયા કરવાં આવી છે ફોર્મ ૩૧માં આશિક ઉપાડ માટેનું ફોર્મ છે જેમાં વિવિધ હેતુઓ માટે સમય પહેલા પૈસા ઉપાડવા માટે થાય છે જેમાં વિવિધ કાર્યો ના ઉદ્દેશ માટે પૈસા ઉપાડી શકાય છે જેમાં લગ્ન માટે તેમજ ઘર બનાવવા કે ખરીદવા મામલે તેમજ મેડિકલ ઈમરજન્સી ને લઈ પૈસા ઉપાડી શકાય છે આ અંતર્ગત પહેલા ૫૦૦૦૦ રૂપિયા ઉપાડી શકાતા હતા જે વધારીને એક લાખ કરવાની જાહેરાત કરવામાં આવી છે જો કે કર્મચારી છ મહિનાનું બેઝિક ડીએ અથવા કર્મચારીનો હિસ્સો વ્યાસ સહિતનો ઉપાડી શકશે નહીં તેનો અર્થ એવો થાય છે કે તમારી પાસે પીએફ એકાઉન્ટમાં આ મૂળ રકમ કરતાં વધારે એક લાખ રૂપિયા જમા થયેલા હોય તો તે ઉપાડવાનો તમે દાવો કરી શકો છો જોકે કોઈ વ્યક્તિ આ મામલે લાભ લેવા ઈચ્છા હોય તેમને ફોર્મ ૩૧ ભરીને સબમિટ કરવાનું છે.

# ઈઝરાયેલ પર હુમલા બાદ અમેરિકા અને બ્રિટનની ઈરાન પર પ્રતિબંધોની જાહેરાત

### હુમલા અંગે ઈરાને કહ્યું હતું કે આ એક જવાબી કાર્યવાહી હતી, જ્યાં ઈઝરાયેલે ૧ એપ્રિલે ડ્રોન હુમલામાં સીરિયામાં તેના દૂતાવાસને નષ્ટ કરી દીધો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ઈઝરાયેલ પર મિસાઈલ-ડ્રોન હુમલા બાદ અમેરિકા અને બ્રિટને ઈરાન પર નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. જો બિડેન એડમિનિસ્ટ્રેશન વતી, એવું કહેવામાં આવ્યું છે કે તેઓએ ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ, ઈરાન સંરક્ષણ મંત્રાલય અને મિસાઈલ અને ડ્રોન ઉત્પાદન કંપનીઓ અને ઈરાની શાસન સાથે સંકળાયેલા લોકો પર પ્રતિબંધો લગાવ્યા છે.

યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે યુ.એસ.એ ઈરાની UAV ઉત્પાદનમાં રોકાયેલા ૧૬ લોકો અને બે સંસ્થાઓને મંજૂરી આપી છે, જેમાં એક કંપનીનો સમાવેશ થાય છે જે ઈરાનના શહીદ વેરિઅન્ટ UAVsને પાવર કરવા માટે એન્જિન બનાવે છે તેનો ઉપયોગ ૧૩ એપ્રિલના હુમલામાં થયો હતો.૧૩ એપ્રિલના હુમલા અંગે ઈરાને કહ્યું હતું કે આ એક જવાબી કાર્યવાહી હતી, જ્યાં ઈઝરાયેલે ૧ એપ્રિલના રોજ ડ્રોન હુમલામાં સીરિયામાં તેના દૂતાવાસને નષ્ટ કરી દીધો હતો, જેમાં રિવોલ્યુશનરી ગાર્ડના બે જનરલ અને અન્ય લોકો માર્યા ગયા હતા.

ઈઝરાયેલ પણ જવાબ આપવા માટે તૈયાર હતું, પરંતુ ગુરુવારે જ રિવોલ્યુશનરી ગાર્ડ્સના કમાન્ડરે ચેતવણી આપી હતી કે ઈરાન ઈઝરાયેલની ધમકીઓ બાદ તેના ''પરમાણુ સિદ્ધાંત''ની સમીક્ષા કરી શકે છે. યુએસ ટ્રેઝરીએ કહ્યું કે તેઓએ ઈરાનની સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક કંપની ઈરાનની ખુઝેસ્તાન સ્ટીલ કંપની (કેએસસી)ને સ્ટીલ ઉત્પાદન માટે ઘટક સામગ્રી પ્રદાન કરતી પાંચ કંપનીઓને મંજૂરીની સૂચિમાં પણ મૂક્યા છે. ઈરાની ઓટોમેકર બહ્માન ગ્રુપની ત્રણ પેટાકંપનીઓ, જે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સને ટેકો આપતી હોવાનું કહેવાય છે, તેમને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. આ સિવાય ઈરાનની નિકાસને પણ નિશાન બનાવવામાં આવી છે, જ્યાં તેને નિકાસ માટે લાઈસન્સ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.બ્રિટને કહ્યું કે તે સશસ્ત્ર દળોના જનરલ સ્ટાફ અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની નૌકાદળ સહિત સાત લોકો અને છ સંસ્થાઓ પર પ્રતિબંધો લાદી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં પશ્ચિમે ઈરાન પર વારંવાર પ્રતિબંધો લાદ્યા છે. એકલા બ્રિટને ઈઝરાયેલના કટ્ટર દુશ્મન પર ૪૦૦ થી વધુ વિવિધ આર્થિક પ્રતિબંધો લાદ્યા છે.

### હુમલાખોરનું પણ ઈજાના કારણે ઘટનાસ્થળે જ મોત

## ગુરુગ્રામમાં એક નિવૃત્ત સૈનિકની ગોળી મારીને હત્યા કરવામાં આવી



। (એજન્સી) હરિયાણા, તા.૧૯ ।

હરિયાણાના ગુરુગ્રામમાં એક નિવૃત્ત સૈનિકની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ ઘટનામાં એક હુમલાખોરનું પણ ઈજાના કારણે મોત થયું છે. ઘટનાની માહિતી મળતાની સાથે જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી અને મામલાની તપાસ શરૂ કરી હતી.પોલીસ નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરાને પણ સ્કેન કરી રહી છે. એસીપી ક્રાઈમ જણાવ્યા અનુસાર ત્રણથી ચાર રાઉન્ડ ગોળી ચલાવવામાં આવી હતી. આ ઘટના બાદ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.આ ઘટના બપોરે ૨.૩૦ થી ૩ વાગ્યાની વચ્ચે બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે સુનીલ ફૌજી તેના પ્લોટમાંથી બહાર આવ્યો હતો જ્યારે દિનેશ ઉર્ફે ટીનુએ તેના પર ગોળીબાર કર્યો હતો. ગોળીનો અચાનક અવાજ સાંભળીને મૃતક સુનીલ ફૌજીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ગોળી વાગવાથી તે ઘાયલ થયો હતો. તેને તાત્કાલિક ઉપાડીને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. હુમલાખોર દિનેશનું પણ ઘટનાસ્થળે જ મોત થયું હતું. એસીપી ક્રાઈમ વરુણ દહિયાએ જણાવ્યું કે દિનેશ ઉર્ફે ટીનુનું મોત લાકડીઓ અને સળિયાથી થયેલી ઈજાના કારણે થયું હતું. પોલીસે બંને મૃતદેહનો કબજો મેળવી તપાસ હાથ ધરી છે. નજીકમાં લગાવેલા સીસીટીવી ચેક કરવામાં આવી રહ્યા છે. ઘટના સમયે સુનીલ ફૌજી સાથે કોઈ હાજર હતું કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસનું કહેવું છે કે આ ઘટના ટૂંક સમયમાં બહાર આવશે.















પ્રથમ તબક્કામાં તમામ ૨૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાન સરળતાપૂર્વક અને શાંતિપૂર્ણ રીતે મતદાન થયું. સવારે ૭ વાગ્યે ૧૦૨ પીસીમાં એક સાથે મતદાન શરૂ થતાં મતદાન મથકો પર મતદાન કરવાની તકની રાહ જોતા લાંબી કતારોમાં ઉભેલા મતદારોના દશ્યો જોવા મળ્યા હતા.

### અમિત શાહે ગાંધીનગરથી ઉમેદવારી ફોર્મ ભર્યું તો નવસારીથી સીઆર પાટીલ અને મનગરથી પૂનમ માડમે ફોર્મ ભર્યું

# અમિત શાહ, સીઆર પાટીલ અને ધાનાણીએ વિજય મુહૂર્તમાં ભર્યું ફોર્મ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાનો આજે છેલ્લો દિવસ છે. ત્યારે ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક ઉમેદવારોએ આજે ઉમેદવારી નોંધાવી. ગાંધીનગર બેઠકના ઉમેદવાર અમિત શાહે વિજય મુર્હતમાં ઉમેદવારી નોંધાવી હતી. તો નવસારીમાં સી.આર. પાટીલ અને નૈષધ દેસાઈ એકસાથે કલેક્ટર કચેરીએ ફોર્મ ભરવા ભેગા થયા હતા. બીજી તરફ, રાજકોટથી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી સહિત કોંગ્રેસના ૫ ઉમેદવારોએ ફોર્મ ભર્યું. તમોમ જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કર્યું. તો જામનગરથી પૂનમ માડમે પણ ફોર્મ ભર્યું. ગઈકાલે અમદાવાદ ગાંધીનગરમાં ભવ્ય રોડ શો અને રેલી બાદ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. તેઓએ ગાંધીનગર લોકસભા બેઠક પરથી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ સમયે અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા. તો ગાંધીનગર લોકસભાના પ્રભારી મયંક નાયક હાજર રહ્યા હતા. ન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના ડમી તરીકે



ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ દ્વારા ફોર્મ ભરવામાં આવ્યું. અશોક પટેલ હાલ ભરૂચના પ્રભારી તરીકેની ફરજ પણ બજાવે છે.

નવસારી ભાજપના ઉમેદવાર સી. આર. પાટીલે આજે ઉમેદવારીપત્ર ભર્યુ હતું. સીઆર પાટીલે આજે ૧૨:૩૯ના વિજય મુહૂર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ગત રોજ ભવ્ય રોડ શોને કારણે પાટીલ વિજય મુહૂર્ત ચૂકી ગયા હતા, તેથી તેમણે ગઈકાલે ઉમેદવારી પત્ર ભરવાનું ટાળ્યુ હતું. ગત રોજ વિજય સંકલ્પ રેલીને હજારો સમર્થકોએ ઉત્સાહ સાથે આવકારી હતી. ત્યારે આજે પાટીલે નવસારીથી ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. નવસારી લોકસભા મધ્યસ્થ કાર્યાલય ખાતેથી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિત ધારાસભ્યો અને સંગઠન આગેવાનો સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. જેના બાદ સી. આર. પાટીલે વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભર્યુ હતું. તો બીજી તરફ, રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી ઉમેદવારી ફોર્મ ભર્યું. તેમણે જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કર્યું હતું. જોકે, આ પહેલારાજકોટમાં ધાનાણીની સભામાં અચાનક વીજળી ગૂલ થઈ હતી. ચાલુ સભામાં વીજળી ગૂલ થતાં પરેશ ધાનાણીએ સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ હતું કે, ભાજપ દ્વારા જાણી જોઈને લાઈટ કાપી નંખાઈ. LED સ્ક્રીન ચાલુ અને સભામાં લાઈટ નથી. આ બાદ કોંગ્રેસ દ્વારા રામધૂન બોલાવીને વિરોધ નોંધાવાયો હતો. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ રાજકોટની લોકસભા બેઠક પર ભાજપના પરસોત્તમ રૂપાલા સામે ઉમેદવારી નોંધાવી છે.

### મુખ્યમંત્રીએ બેઠક યોજી અધિકારીઓને આપ્યા આદેશ

# હીટવેવની આગાહીને પહોંચી વળવા એક્શન પ્લાન તૈયાર

। (એજન્સી)અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યમાં હાલમાં અંગ દઝાડે તેવી ગરમી પડી રહી છે જેને પગલે લોકો ને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે કાળજાળ ગરમીને લઈને રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. જ્યાં ઝસ ભુપેન્દ્ર પટેલે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. આકરા તાપને લઈને રાજ્ય સરકાર એક્શનમાં, મુખ્યમંત્રીએ અધિકારીઓ સાથે બેઠક યોજી ઉચ્ચ અધિકારીઓને આદેશ આપીને હીટવેવની સ્થિતિને પહોંચી વળવા એક્શન પ્લાન તૈયાર કર્યો છે. રાજ્ય સરકારે સંભવિત હીટવેવની અસરને લઈને આગોતરા આયોજન માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હીટવેવની સ્થિતિને પહોંચી વળવા એક્શન પ્લાન તૈયાર કરાયો છે. જિલ્લા વિકાસ અધિકારી અને તમામ જિલ્લા પંચાયતના તાબા હેઠળની તમામ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતોમાં વધુમાં તમામ માટે પૂરતા પ્રમાણમાં ચોખ્ખુ પીવાનું ઠંડુ પાણી, સ્થાનિક આરોગ્ય કેન્દ્રના ઈમરજન્સી નંબર અને નજીકના આરોગ્ય કેન્દ્રની માહિતી ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે. તેમજ ગ્રામ્ય કક્ષાએ દાતાઓ, દ્દર્દ અથવા ડેરીના સહયોગથી લીંબુ પાણી અને છાશની વ્યવસ્થા કરાવવી. આ સાથે જ હિટવેવને લઈને સૂચનાઓનો બહોળો પ્રચાર કરવા સૂચના અપાઈ છે. આ સાથે જ શક્ય બને ત્યા સુધી બપોરના સમયે ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

## બહુચરાજી ખાતે તારીખ ૨૧ થી ૨૩ એપ્રિલ મેળાનું આયોજન



। (એજન્સી) બહુચરાજી, તા.૧૯ ।

તીર્થધામ બહુચરાજી ખાતે ચૈત્રી મેળાનું આયોજન થઈ રહ્યું છે ત્યારે પૂનમના મેળાને લઈ એસટી વિભાગ પણ સજ્જ થઈ ગયું છે. બહુચરાજી ખાતે તારીખ ૨૧થી ૨૩ એપ્રિલ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજે ૧૦ લાખથી વધુ યાત્રાળુ ઉમટી પડશે મેળામાં આવનારા યાત્રાળુઓની સુવિધાઓને લઈને એસટીવી ભાગ પણ સજજ થઈ ગયું છે. બહુચરાજી ખાતે યોજવનારા ચૈત્રી પૂનમના મેળામાં એસટી વિભાગ ૫૫૦ ટ્રીપો એક્સ્ટ્રા ચલાવશે.મહેસાણા એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે અને તેને માટે ત્રણ જગ્યાએ હંગામી બસ સ્ટેન્ડ ઉભા કરવામાં આવશે. બહુચરજીથી મહેસાણા, પાટણ, ચાણસ્મા, કડી અને અમદાવાદ તરફ જવા માટે બહુચરાજી બસ સ્ટેશનમાં બુથ નંબર-૧ થી બસ મળશે જ્યારે શંખલપુર રોડ પાસે થી બુથ નંબર-૨ સંચાલન કરવામાં આવશે જેમાં બહુચરાજીથી હારી તરફ જતી બસોનો સમાવેશ કરવામાં આવશે બહુચરાજીથી વિરમગામ તરફ જવા માટે બુથ નંબર-૩નું સંચાલન અમદાવાદ એસટી વિભાગ દ્વારા કરવામાં આવશે આગામી દિવસોમાં યોજવનારા બહુચરાજી પૂનમના મેળાને લઈ એસટી વિભાગ દ્વારા પોતાની વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.



સાબરમતી રીવરફ્રન્ટ ઈસ્ટ અને વેસ્ટ પોલીસ સ્ટેશનમાં વુમન પોલીસને ચેકીંગ માટે ટ્રેનિંગ અપાઈ હતી.

## પવનની દિશા બદલાતા ગરમીમાં ઘટાડો થશે : હવામાન વિભાગ

।(એજન્સી) અમદાવાદ, તા.૧૯।

ગુજરાતમાં કાળજાળ ગરમીમાં થઈ શકે છે આંશિક ઘટાડો. આ અંગે હવામાન વિભાગે માહિતી આપતા જણાવ્યું છે કે રાજ્યમાં આગામી સાત દિવસ સુધી હવામાન સુકુ રહેવાથી ગરમીમાં આંશિક રાહત મળી શકે છે. ગુજરાતમાં આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે આગામી દિવસમાં કેવી પરિસ્થિતિ રહેશે તે અંગે વિભાગના કેન્દ્રીય ડાયરેકટર એ.કે દાસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે વિન્ડ પેટર્ન બદલાય છે જેથી તેની અસર તાપમાન પર પણ જોવા મળશે અને તેના કારણે ગરમીમાં ઘટાડો નોંધાયો છે. રાજયના મોટાભાગના સેન્ટરો પર તાપમાનમાં ઘટાડો થયો છે પાછલા ૨૪ કલાકમાં હવામાન સુકુ રહ્યું છે અને આગામી સાત દિવસ સુધી પણ હવામાન સૂકું રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે, સાથે જ આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા વિસ્તારોમાં ભેજવાળા પવનો અને ગરમીના કારણે અકડામણનો પણ અનુભવ થઈ શકે છે. આગામી ચાર દિવસ સુધી તાપમાનમાં કોઈ ફેરફાર થવાની શક્યતાઓ જોવા નથી મળી રહી. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ગુરુવારે તાપમાનમાં ઘટાડો થયો છે.

### ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત કરાઈ

# જૂનિયર અને સિનિયર ક્લાર્કની પરીક્ષા મતદાનને કારણે સ્થગિત

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાત પસંદગી મંડળ દ્વારા જુનિયર ક્લાર્કની ભરતી માટે કોલ લેટર જાહેર કરી દેવાયા છે. ત્યારે સરકારી ભરતીની પરીક્ષા અંગે મોટા અપડેટ સામે આવ્યા છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત કરાઈ કે, જુનિયર/ સિનિયર ક્લાર્કની પરીક્ષા સ્થગિત કરવામાં આવી છે. ચૂંટણીના કારણે પરીક્ષા સ્થગિત કરાઈ છે. હવે પરીક્ષાની નવી તારીખ મતદાન બાદમાં જાહેર કરવામાં આવશે. ત્યારે મંડળની જાહરોતથી પરીક્ષામાં બેસનારા ઉમેદવારો નિરાશ થયા છે. ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે માહિતી આપતા જણાવ્યું કે, સરકારી ભરતી માટે જુનિયર-સિનિયર ક્લાર્કની પરીક્ષા સ્થગિત કરવામાં આવી હતી. તારીખ ૨૦, ૨૧, ૨૭ અને ૨૮ એપ્રિલના રોજ લેવામાં આવનાર પરીક્ષા હાલ સ્થગિત કરાઈ છે. સાથે જ ૪ અને ૫ મેના રોજ લેવાનાર પરીક્ષા પણ સ્થગિત કરાઈ છે. ચૂંટણીની આચારસંહિતાના કારણે પરીક્ષા સ્થગિત કરાઈ છે. જોકે, મતદાન દિવસ બાદ પરિક્ષા ફરી લેવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે, જોકે અત્યારસુધી લેવાયેલી પરીક્ષા યથાવત રહેશે. આજના દિવસની પરીક્ષા પણ યથાવત રહેશે. માત્ર આવતીકાલથી મતદાન સુધીની પરીક્ષાઓ મોકુફ રાખવાનો નિર્ણય લેવાય છે. મતદાન દિવસ બાદની પરીક્ષાઓ પણ યથાવત રહેશે. મતદાન બાદ ચૂંટણી પંચની મંજૂરી લઈને સ્થતિગત કરાયેલી પરીક્ષાઓ લેવાશે. મોકુફ રહેલી તારીખના ઉમેદવારો માટે નવો કોલ લેટર બનાવાશે. તેમજ નવી તારીખો પાછળથી જાહેર કરવામાં આવશે.

### એરપોડ્સ-જ્યુસરમાં આ ગોલ્ડ સંતાડી રાખ્યું હતું

# વિદેશથી એરપોડ્સની અંદર ગોલ્ડ સંતાડી પેસેન્જર આવ્યો

### સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દુબઈથી આવેલા પેસેન્જર પાસેથી ૧૮ લાખ રૂપિયાનું ગોલ્ડ મળી આવ્યું

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

દુબઈમાં ધોધમાર વરસાદને લીધે જ્યારે મોટાભાગના ટૂરિસ્ટ ત્યાંથી પોતાનો જીવ બચાવી સ્વદેશ પરત ફરવાનું વિચારી રહ્યા હતા. ત્યારે એક વ્યક્તિએ આ આપત્તિ સમયે પણ ગોલ્ડ સ્મગલિંગ કરવાનું મન બનાવી લીધું હતું. તે ભારતમાં કોઈપણ પ્રકારની કસ્ટમ ડ્યુટી ભર્યા વિના દુબઈથી ગોલ્ડ સ્મગલ કરવા માટે તૈયાર હતો. એક બાજુ ધોધમાર વરસાદ પડી રહ્યો હતો નેબીજી બાજુ આ શખસે એરપોર્ડ્સમાં ૧૮ લાખ રૂપિયાનું ગોલ્ડ છુપ ાવી દીધું હતું. તેની ફ્લાઈટ પણ થોડાક જ સમયમાં ટેક ઓફ થવાની હતી.

દુબઈની ફ્લાઈટમાં સવાર આ પેસેન્જરે ૨૪ કેટેર પ્યોર ગોલ્ડના પિસ અને અન્ય પેસ્ટ પોતાની સાથે રાખી હતી. જેમાં તેને એવું માઈન્ડ વાપર્યું હતું કે તેણે એરપોડ્સમાં ગોલ્ડનો ભૂકો, ગોલ્ડના પિસ અને જ્યુસરના મેગ્નેટિક એરિયા હતો તેમાં પણ ગોલ્ડ છુપાવ્યું હતું. આમ કુલ કરીને તેણે ૨૪૦ ગ્રામ ગોલ્ડ સ્મગલ કર્યું હતું. સૌથી પહેલા તો તેને દુબઈના બેડ વેધરનો થોડો ફાયદો ઉઠાવી ત્યાંથી સુરતની ફ્લાઈટમાં બેસી ગયો હતો. બીજી બાજુ તેની પાસે આટલુ બધુ ગોલ્ડ હશે એની માહિતી કોઈ પાસે નહોતી.

અહીં સુરત એરપોર્ટ પર તેને કસ્ટમ અધિકારીઓએ રોક્યો હતો. તેની પાસેથી લગેજ જે જે પણ મળ્યું એ બધુ ચેક કરવામાં આવ્યું હતું. પરંતુ તેમાંથી એકપણ ગોલ્ડની વસ્તુ તેને મળી નહોતી. બીજી બાજુ અધિકારીઓ પણ ચેકિંગ કરતા વિચારવા લાગ્યા કે આ વ્યક્તિ પાસે ગોલ્ડ હોવાની બાતમી મળી છે છતાં કશુ જ નથી એટલે હવે શું કરીએ. તેમને બાદમાં એક બેગ જોઈ જેમાં એરપોડ્સ અને જ્યુસર હતા. આ એરપોડ્સ પેટી પેક હતા. ઓફિસર્સે ત્યારપછી આ બોક્સ ઓપન કર્યું અને જોયુ તો અંદર કેબલ અને કેસમાં પોડ્સ જ હતા. આ સમયે પણ અધિકારીઓને થયું કે આ વ્યક્તિ પાસે કશું જ નથી. પરંતુ ફરી એકવાર તેમને આ પોડ્સ ઓપન કરીને જોવાનું શરૂ કર્યું. તેમને આના ચાર્જિગ કેસને ડિસલોકેટ કર્યું તો તેમના વાયરિંગની વચ્ચે ગોલ્ડના પાર્ટિકલ્સ વાળી એક સ્ટ્રિપ જોવા મળી હતી. એટલું જ નહીં બાદમાં તેમણે એર બડ્સ જોયા તો તેમાં જ્યાં સ્પિકર હોય તેના વાયરિંગમાં પણ ગોલ્ડ પાર્ટિકલ્સ હતા. જ્યુસર પણ બાદમાં ચેક કર્યું તો તેના મેગ્નેટિક એરિયામાંથી બીજા ગોલ્ડ પાર્ટિકલ મળ્યા હતા. આમ કરીને અધિકારીઓને દુબઈથી આવેલા આ વ્યક્તિ પાસેથી ૨૪૦ ગ્રામ ગોલ્ડ મળી આવ્યું હતું.

ત્યારપછી હવે એની સાથે વધારે પૂછપરછ કરાઈ રહી છે. એટલું જ નહીં આ કોનું ગોલ્ડ છે કોના થકી આવ્યું અને દુબઈમાં આનું શું કનેક્શન છે એ પણ ચેક કરાઈ રહ્યું છે. તેની પાસેથી કુલ ૧૮ લાખ રૂપિયાનું ગોલ્ડ મળી આવતા આ સ્મગલિંગ નેટવર્કને તપાસવાનું ચાલી રહ્યું છે.

# અમદાવાદમાં ૨૨મી એપ્રિલે હનુમાનજીની શોભાયાત્રા યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ શહેરમાં ૨૨ એપ્રિલે યોજાશે હનુમાનજીની શોભાયાત્રા અને ૨૫ એપ્રિલના રોજ શાહીબાગ ખાતે આવેલા કેમ્પ હનુમાનના મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મંગળા આરતી, સુંદર કાંડ પાઠ, મારુતિ યજ્ઞ, ધ્વજા રોહન મહાપ્રસાદી અન્નકૂટ અને હનુમાનજીના જન્મોત્સવને નિમિત્તે મહા આરતીનું આયોજન મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. ૨૨ એપ્રિલના દિવસે હનુમાનના મંદિરથી શોભાયાત્રા પ્રસ્થાન કરશે જે વાસણા ખાતે આવેલા વાયુદેવતાના મંદિર અને ત્યારબાદ ત્યાંથી પરત ફરશે. શોભાયાત્રા સવારે ૭:૩૦ કલાકે નીકળશે સુપ્રીમ કોર્ટના રીટાયર્ડ જસ્ટિસ એમ આર શાહ તથા મેજર જનરલ એસ.કે વીર્ક દ્વારા વિધિગત રીતે શોભાયાત્રા ને પ્રસ્થાન કરવામાં આવશે.

આ વખતે નીકળનારી શોભાયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર હશે અયોધ્યાની વિશાળ આબેહૂબ પ્રતિકૃતિ વાળો ટેબ્લો આ ઉપરાંત શોભાયાત્રામાં ૧૧ ટેબલો જે ધાર્મિક સામાજિક ઉદ્દેશને રજૂ કરતા હશે, ૧૪ સુશોભિત ટ્રકો, ૫ નાના સુશોભિત વાહનો, ભજન મંડળીઓ, અખાડાના કરતબ તેમજ હનુમાનજી ની વિશાળ ગદા, ૨૦૦ જેટલા ટુ વ્હીલર અને ૫૦ થી વધુ ફોર વ્હીલરનો સમાવેશ થાય છે.

મહ્ત્વનું છે કે શોભાયાત્રામાં હનુમાનજી રથમા બિરાજમાન હશે જે ખાસ ડિઝાઈન થી તૈયાર કરવામાં આવ્યો છે હનુમાનજીના રથ પર સતત ફૂલોની વર્ષા પણ કરવામાં આવશે શોભાયાત્રા નો રૂટ પર ૫૦ જગ્યાએ સ્વાગત કરવામાં આવશે શુભયાત્રા સમગ્ર રૂટ પરથી પસાર થઈ વાસણા ખાતે આવેલા વાયુ દેતારા મંદિરે પહોંચશે અને ત્યારબાદ તો ભાઈ યાત્રા કેમ્પ હનુમાનના મંદિર તરફ પરત ફરશે. ઉલ્લેખનીય છે કે ૨૩ એપ્રિલ ના રોજ હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે કેમ્પ હનુમાન મંદિર ખાતે વહેલી સવારે મંગળા આરતી અને ૧૦૧ કિલોનો મહા લાડવો ધરાવવામાં આવશે. આ દિવસે ભગવાનના મનહર રૂપના દર્શન કરવા માટેનો સમય સવારે ૭ વાગ્યાથી રાતના ૧૨ વાગ્યા સુધીનો રાખવાનો નિર્ણય કેમ હનુમાન મંદિરના ટ્રસ્ટ દ્વારા લેવામાં પણ આવ્યો છે.









## અસારવા વિસ્તારમાં દીવાલ ધરાસાઈ થતા બેના મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદના અસારવા રેલવે યાર્ડ નજીક અચાનક દીવાલ ધરાશાયી ઘટના બની હતી. દિવાલ ધરાશાઈ થતાં આસપાસ લોકોમાં દોડધામ મચી ગઈ હતી. મળતી માહિતી અનુસાર અસારવા વિસ્તારમાં દાદા હરી વાવ નજીક જુની જર્જરિત દીવાલ ધરાશાઈ થતાં દોડધામ મચી ગઈ હતી. જયા દીવાલનો કાટમાળ લોકો પર પડતાં ત્રણ લોકોને ગંભીર ઈજા પહોંચતા ત્રણ લોકોને તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારે આ દુર્ઘટનામાં બે લોકોના મોત નીચે હોવાની માહિતી મળી હતી. તેમજ એક મહિલાનું રેસક્યું કરવામાં આવ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨